

# અધ્યાત્મ

વર્ષ : ૭ અંક : ૫ ફેબ્રુઆરી : ૧૯૮૬

## સદ્‌ભાવભરી ભેટ

અધ્યાત્મના વાંચકો ને ચાહકો તરફથી સદ્‌ભાવભરી ભેટનો સ્રોત વહેતો રહે છે, તેમાં અમને પ્રભુની કૃપાનું દર્શન થાય છે. છેલ્લે મળેલ સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ–

રૂ.

૨૫ શ્રી કમલેશ મનુભાઈ સારંગ, સુરત પુત્ર જન્મ નિમિત્તે.

૫૧ શ્રી મોહનભાઈ ડાહ્યાભાઈ પ્રજાપતિના પુત્ર ચિ. રાજેશની બાધા પ્રસંગે.

૨૫ શ્રી મનીશકુમાર નટવરલાલ પટેલ, એસ. એસ. સી.માં પાસ થતાં.

૧૧ શ્રી રતનમાની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે શ્રી નટુભાઇ તરફથી.

૧૧ ભાવનગરના સાધકભાઈ તરફથી.

૨૫ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી.

૨૧ શ્રી દીપકભાઈ પ્રતાપભાઈ ત્રિવેદી, નોકરીમાં કાયમી થવાથી.

૨૧ શ્રી જે. પી. મિસ્ત્રી, કડીપાણી–નવાવર્ષ નિમિત્તે.

૭૦ શ્રી કરસનભાઇ આર. ભકત, ટોનોપા, અમેરિકા.

૭૦ શ્રી ચંદ્રવદન કે. ભકત, બીશોપ, અમેરિકા.

૭૦ શ્રી જગદીશભાઇ આર. દેસાઇ, હોથોર્ન, અમેરિકા.

૭૦ શ્રી ઇશ્વરભાઇ બી. ભકત, ઓલ્કો, અમેરિકા.

૭૦ શ્રી નવીનભાઈ આર. ભકત, અમેરિકા.

૭૦ શ્રી પ્રવીણભાઇ એમ. ભકત, ઇંગ્લેવુડ, અમેરિકા.

૭૦ શ્રી મહેન્દ્રભાઈ બી. ભકત, ન્યુ પોર્ટ બીચ, અમેરિકા.

નોંધઃ–ઉપરના સાત ભાઇઓએ પાંચ પાંચ ડોલર ભેટ તરીકે મોકલાવ્યા છે. સહુને અભિનંદન.

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૭ અંક : ૫ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : **૨૮૬૯૩**

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૦ સી, બોરડીગેટ ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| મનુષ્યજીવન-મહામૂલ્યવાન સુવર્ણ તક | યોગેશ્વરજી | ૩ |
| જીવનયાત્રાના પુનિત પગલે પગલે | નારાયણ છ. જાની | ૪ |
| સત્સંગ | ઈશ્વરભાઈ શાહ | ૧૨ |
| ઓળખો આપણા મનને (૪) | મંગળભાઇ પંચાલ | ૧૭ |
| આત્મજ્ઞાન અને મોક્ષ | અંબાલાલ પટેલ | ૨૧ |
| આત્મ નિરીક્ષણ | વિમલા ઠકાર | ૨૫ |
| પ્રશ્નોત્તરી | શ્રી અભિરામબાબા | ૨૭ |
| સ્વ | ભાઇલાલભાઈ છાટબાર | ૩૪ |
| શુદ્ધ વિચારોનું સામર્થ્ય | બાબુભાઇ વોરા | ૩૭ |
| કાવ્ય | રતિલાલ ભાવસાર | ૪૩ |
| કૃતકૃત્યતા | સી. કે. શાહ | ૪૪ |
| ઉત્તરાધિકાર | સ્વામી કૃપાલ્વાનંદજી | ૪૮ |
| અસલ નભ | રણજીત પટેલ | ૪૯ |
| અનોખુ લીલાદર્શન | ગોરધનભાઈ કલોલા | ૫૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૨ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૭ ફેબ્રુઆરી-૧૯૮૬ અંક : ૫

## મનુષ્યજીવન—મહામૂલ્યવાન સુવર્ણ તક

કેટલાક લોકો માને છે કે આ જીવન આનંદપ્રમોદ ભોગવિલાસ તથા એશઆરામ માટે છે **यावज्जीवन्नं सुखं जीवेत्, ऋणं कृत्वा घृतम् पिवेत्'**-એટલે કે જ્યાં સુધી જીવન છે, ત્યાં સુધી સુખપૂર્વક જીવો, અને તમારી પોતાની સ્થિતિ ના હોય તો, દેવું કરીને પણ ઘી પીઓ અથવા મોજમઝા ઉડાવો; એ ચાર્વાકમતમાં માનનારા ચાર્વાકના વંશજો જેવા લોકો આણુયુગમાં પણ નથી એમ નહિ. તે તો પ્રત્યેક યુગમાં રહેવાના. એમનો સમૂળો લોપ નહિ જ થવાનો—એ લોકોની ફિલસૂફી—જો એને ફિલસૂફી કહી શકાતી હોય તો ખાવા, પીવા, ને લહેર કરવાની હોય છે. એવી સમજથી પ્રેરાઇને જ એ જીવન જીવતા હોય છે. એમને કોઇ પૂછે કે તમે આંખ મીંચીને, બુદ્ધિને ગીરે મૂકીને કાર્ય કરો છો, તે કર્મોનો હિસાબ થશે ત્યારે ? તો તે ઉત્તર આપે છે કે એ વખતે જોઈ લેવાશે. પડશે તેવા દેવાશે. કોઇક વકીલને રોકીશું અને એમ કહીને સદાચારી કે નીતિમાન માણસની ઠેકડી કરે છે.

આ પ્રકારના માણસોએ સમજી લેવું જોઇશે કે મનુષ્ય જીવન કેવળ આનંદપ્રમોદ, ભોગવિલાસ કે એશઆરામ માટે નથી. એનું

(અનુસંધાન પાના ૧૧ ઉપર)

# જીવનયાત્રાના પુનિત પગલે પગલે

નારાયણ હ. જાની

જીવનયાત્રાના પુનિત પ્રવાસમાં કેટલીક ઘટનાઓ એવી ઘટે છે કે જેને ભાવિકો ચમત્કાર કહી શકે. તો વળી બુદ્ધિવાદી એને અકસ્માતમાં પણ ખપાવી શકે. છતાં જે ઘટના બને છે. તેનું અવશ્ય મૂલ્ય છે એટલુંજ નહિ, પરંતુ શ્રદ્ધાળુ માણસોને તે વિધેયક દૃષ્ટિ (Positive thinking) પૂરી પાડે છે. એવી ઘટનાનો અહીં ઉલ્લેખ છે.

આ ઉપરાંત, જીવનમાં પ્રભુ એવા માણસોનો પરિચય કરાવે છે, જેઓ સામાન્ય સંસારીઓની જેમ જીવતા હોય, છતાં પણ ઉચ્ચકોટિના આધ્યાત્મિક પુરુષો જેટલા જ વીતરાગ ને સમતાધારી હોય. એવા માણસોને જોઈ આપણું અંતઃકરણ ઠંડક અનુભવે છે. ને મસ્તક નમી પડે છે. આવા એક સાચા માનવના જીવનની ઘટનાઓ અત્રે નોંધી છે; જે અવશ્ય પ્રેરણાદાયી બનશે.

* * *

પૂ. માશ્રી સર્વેશ્વરીના પિતાજીના સ્વર્ગવાસના સમાચાર મળ્યા પછી તે દિવસે તા. ૨૩–૧૦–૮૫ની રાત્રે જ અમે મારા પુત્રને ત્યાં વલસાડ જવા નીકળી ગયેલાં. અમારી મૂળ યોજના એવી હતી કે પૂ. મા મુંબઈ પધારે ત્યારે એમની સાથે જ મુંબઈ જવું. મુંબઈમાં પૂ. મા બોરીવલી રોકાવાનાં હતાં અને મારી પુત્રી પણ બોરીવલીમાં જ રહેતી હોવાથી પૂ. માના સત્સંગ ને સાન્નિધ્યનો બેવડો લાભ અમને મળી રહેશે. પરંતુ અમારી આ યોજના બર ન આવી. પૂ. મા તા. ૨૪–૧૦–૮૫ના રોજ મુંબઈ પધારવાનાં હતાં ને તેઓશ્રીના



પિતાજીના સ્વર્ગવાસનો સંદેશો તા. ૨૩–૧૦–૮૫ની સાંજે જ આવ્યો. આમ મુંબઈવાસીઓ પૂ. શ્રીના ભૌતિક દેહવિલય પછી પૂ. માના આગમનની આતુરતાપૂર્વક રાહ જોઇ રહેલા, તેઓએ પૂ. માના ઉતારા વગેરેનો પ્રબંધ પણ સરસ રીતે ભાવભક્તિપૂર્વક કરેલો, પરંતુ ભગવાનની ઇચ્છા કંઇક જુદીજ. એટલે તે કાર્યક્રમ રદ થયો.

આખરે અમારે એકલાજ મુંબઈ જવું પડયું. ત્યાં દસ બાર દિવસ રોકાઈ ફરી પાછા પૂ. માને કપૂરા મળીને ભાવનગર જવાની અમારી ગણત્રી હતી; પરંતુ તા. ૧૩ નવેમ્બર પૂ. માનો જન્મદિન નજીક આવતો હોવાથી, એમણે થોડા દિવસ વલસાડ રોકાઇ તે કાર્યક્રમમાં હાજરી આપી ભાવનગર જવા જણાવ્યું. પૂ. માના એ પ્રેમાગ્રહને અવગણવાનું અમારે માટે શકય ન હતું. અમે વલસાડ રોકાઈ ગયાં.

આ વર્ષે તા. ૧૩ નવેમ્બર એ વિક્રમ સંવતનું બેસતું વર્ષ. એટલે આપણા સહુ માટે મોટો તહેવાર ગણાય. દિવાળીના દિવસોમાં ઘરના પરિવારના સભ્યોથી આમ છૂટા પડવાનો એ જીવનનો લગભગ પહેલો જ પ્રસંગ. જાણે આપણી સાંસારિક આસકિતની ગાંઠ પૂ. મા તોડવા ન માગતાં હોય !

અમે કપૂરા પૂ. મા પાસે દિવાળીના દિવસને બદલે કાળી ચૌદસના રોજ જવા વિચારેલું. તે માટે મારા પુત્રને બસનું રીઝરવેશન લાવવા સૂચના આપી. તે જઇને રીઝરવેશન લઈ આવ્યો ને મને આપ્યાં પણ ખરાં. અમારૂં રીઝરવેશન વલસાડથી નંદુરબાર જતી બસમાં હતું. બસ બપોરે ૧–૦૦ વાગે ઉપડતી. તે કપૂરા થઇને જતી, પણ તે ત્યાં ઊભી ન રહેતી. અમે વિચારેલું કે કપૂરા નહિ ઊભી રહે તો વ્યારા

ઉતરીને પાછા કપૂરા બીજી બસમાં આવીશું.

નક્કી કર્યા પ્રમાણે ઘરેથી રીક્ષામાં અમે વલસાડ એસ. ટી. સ્ટેન્ડે પહોંચ્યાં. બસના સમયને હજી અડધો કલાકની વાર હતી. એટલે મને રીઝરવેશન ચેક કરી લેવાની ઇચ્છા થઈ. મેં બધાં ગજવાં જોયાં, પણ મને તે મળ્યાં નહિ. પાસે ઊભેલા એક ભાઇએ પૂછ્યું. "શું આપના પૈસા ખોવાઈ ગયા છે ?" મેં કહ્યું : "ભાઈ, પૈસા તો નથી ખોવાયા, પરંતુ મારાં રીઝરવેશન ક્યાંય પડી ગયાં લાગે છે."

ઘડીભર હું ને મારાં પત્ની મૂંઝાણાં શું કરવું તેની વિમાસણમાં પડ્યાં, કારણ કે બસ સ્ટેન્ડ ઉપર ભારે ભીડ હતી. એમાં રીઝરવેશન વગર ચઢવું અમારે માટે મુશ્કેલ બની જાય એમ હતું.

ઘરમાંથી હું ક્યાંય પણ બહાર નીકળું ત્યારે મારા ગજવામાં પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. માનો ફોટો સાથે રાખું છું. વળી નીકળતી વખતે મનમાં કહું પણ ખરો કે "પ્રભુ ચાલો, હવે આપણે જઇએ." મનમાં એક એવો ભાવ જ થઇ જાય કે જાણે આપણે એકલા જતા નથી. પૂ. ગુરુદેવ ને પૂ. મા પણ આપણી સાથે જ છે. એટલે આ મુશ્કેલીમાં એમનું સ્મરણ સહજભાવે થઇ આવ્યું. મનમાં ને મનમાં વાત કરતાં એમને કહ્યું કે 'પ્રભુ, આ કેવી મુશીબત થઈ ?'

અમારું મન આ પ્રકારની ભાંજગડ અનુભવતું હતું, ત્યારે અમારાથી થોડે છેટે ઊભેલા એક પ્રૌઢ ઉમ્મરના ભાઇ મારી પાસે આવ્યા અને પૂછવા લાગ્યા, "તમારે ક્યાં જવું છે ? મેં કહ્યું : નંદરબારવાળી બસમાં, વ્યારા."

એમણે તુરત જ કહ્યું : 'અરે, એ બસ તો પાછળ જ ઊભી છે. તમે તેમાં જઇને બેસી જાઓ.'



હજી બસને સ્ટેન્ડ ઉપર આવવાની વીસ પચ્ચીસ મિનિટની વાર હતી. એટલે પાછળ જઇને એ બસમાં ચઢ્યા. ત્રણ ચાર ભાઇઓ એમાં બેઠેલા હતા. અમે રીઝરવેશનવાળી સીટો ઉપર બેઠક લીધી. ત્યાં તો એકભાઈ સાતઆઠ રીઝરવેશન લઈને આવ્યા અને અમને ઉઠાડ્યા. એમની પાસે રીઝરવેશન હતાં, એટલે કહેવાય પણ શું ?' વળી અમને અમારા રીઝરવેશનના નંબરની ખબર ન હતી.

પછી અમે નવદસ નંબરની સીટ ઉપર બેઠા. બીજે પણ એકાદ જગા રાખી. જેથી કદાચ અહીં કોઈ આવે તો એકાદ જણને તો બેસવાનું મળી રહે. પ્રભુકૃપાથી આ જગ્યાએથી અમને કોઈએ ન ઊઠાડ્યાં : જો કે બસ તો ચીક્કાર ભરાઈ ગઈ હતી.

બસ ઉપડી એટલે અમે પ્રભુનો આભાર માન્યો. મનમાં થયું 'પ્રભુએ કદાચ આપણી રીઝરવેશનવાળી જગ્યાએ જ બેસાડ્યા હશે એટલે ઉઠવું ન પડ્યું.'

હવે આ બસ ઉનાઇથી ઉપડી સીધી વ્યારા જ ઊભી રહે. અમે વ્યારાની જ ટિકિટ લીધેલી. પરંતુ કપૂરા વચ્ચે આવવા છતાં ત્યાં બસનો સ્ટોપ ન હતો. એટલે અમોએ વ્યારા જ ઉતરવાનું નક્કી કરેલું. પરંતુ ઉનાઈથી બસ ઉપડી પછી મને થયું 'લાવને વિનંતિ કરી જોઇએ, કપૂરા ઊભી રાખે તો સારૂં,' એથી મેં ડ્રાયવર ને કન્ડક્ટર બન્નેને વિનંતિ કરી. પરંતુ તેઓએ કોઈ ચોક્કસ પ્રતિભાવ જણાવ્યો નહિ. એટલે અમે પ્રભુ ઉપર છોડી દઈને શાંતિથી બેઠા.

પરંતુ કપૂરાનું સ્ટેન્ડ આવતાં જ કન્ડક્ટરે ઘંટડી મારી બસ ઊભી રાખી, અમને ઉતરી જવા દીધાં. અમે એનો

આભાર માન્યો. સાથેસાથે પૂ. ગુરુદેવનો પણ, કારણ રીઝર-વેશન ખોવાઇ ગયેલ છતાં કેટલી બધી સરળતાથી કશીય તકલીફ વગર તેઓએ અમને કપૂરા પહોંચાડી દીધાં ! પૂ. માને પણ અમને આટલાં વહેલાં આવી જવાને લીધે આશ્ચર્ય થયું કારણ કે સામાન્ય રીતે આ બસવાળો કપૂરાના સ્ટેન્ડે બસ ઊભી રાખતો નથી.

એ સાંજે બીજા કેટલાક ભાઇઓ વ્યારાથી કપૂરા રીક્ષામાં આવ્યા. તેઓએ જણાવ્યું કે વ્યારા સ્ટેન્ડે આદિવાસીઓના આજના મેળાને લીધે એટલી બધી ગીરદી હતી કે કોઈ બસમાં આપણાથી ચઢાય જ નહિ. એટલે છેવટે રીક્ષા કરીને આવ્યા.

આ સાંભળી અમને થયું કે પ્રભુએ આપણને કેટલી બધી તકલીફમાંથી ઉગારી લીધાં !

* * *

થોડા દિવસો પહેલાં એક પરિચિત બહેન મળ્યાં. મેં વાતચીત દરમ્યાન તેઓને મારા સ્નેહી આત્મીય એવા મિત્રના ખબર પૂછ્યા. તેઓ એમના પડોશમાં રહે છે. તેઓએ જણાવ્યું કે તેમને તો ભારે માંદગી આવી ગયેલી. હવે ઠીક છે; પરંતુ ખાસ બહાર નીકળતા નથી.

આથી બે દિવસ પછી એક રાતે હું ને મારાં પત્ની તેઓની ખબર પૂછવા ગયાં. તેઓને હજી અશક્તિ જણાતી હતી. મેં તેઓને શું બિમારી થયેલી તે પૂછતાં, તેઓએ જણાવ્યું કે પંદર દિવસ ઉપર એક રાત્રે હું પેશાબ કરવા ઉઠ્યો તો મને જણાયું કે મારા એક નસ્કોરામાંથી થોડું લોહી નીકળે છે. મેં ગેન્ડીમાં જઇ નાક સાફ કર્યું; પરંતુ લોહી નીકળવાનું ચાલું રહ્યું. થોડાથોડા અંતરે લોહીનાં ટીપાં



પડતાં રહ્યાં. આથી મેં લુગડાનો એક ટુકડો લીધો ને મારાં નાક આગળના ભાગમાં રાખી હું સૂઇ ગયો.

'તે વખતે રાત્રે સાડાબારનો સમય થયેલો. મારાં પત્ની બાજુમાં જ પલંગ પર સૂતેલાં. પરંતુ તેમની તબીયત સારી ન હોવાથી, અને તેઓને તે વખતે ઊંઘ આવી ગઈ હોવાથી મેં ન જગાડ્યાં.'

'સૂતાં સૂતાં મેં જોયું કે લોહી પડતું જ હતું. મને થયું મગજની કોઈ નસ તૂટી લાગે છે; નહિ તો લોહી બંધ થઇ જવું જોઇએ. પ્રભુને પ્રાર્થના કરતાં કરતાં હું આડો પડી રહ્યો. વચ્ચે મને દોઢ બે કલાક ઊંઘ પણ આવી ગઇ. ફરી જાગ્યો તો લોહી પડવાનું ચાલું હતું. સવારે ચારેક વાગ્યા-નો સમય થવા આવેલ. એટલે મેં મારાં પત્નીને જગાડ્યાં. તેઓ તો મારા નાકમાંથી પડતા લોહીને જોઇને ગભરાઈ ગયાં. ગભરાઇ જાય એ સ્વાભાવિક પણ હતું. છતાં પ્રભુકૃપાથી હું સંપૂર્ણ સ્વસ્થ હતો. મેં બાજુમાં રહેતા દાક્તર શ્રી મહેતા સાહિબને ઉઠાડી બોલાવી લાવવા કહ્યું. તેઓ તુરત જ આવ્યા. એમણે મારી સ્થિતિ જોઈ. એની ગંભીરતા પણ સમજી ગયા. એમણે બીજા ચાર પાંચ ડોકટરોને બોલાવ્યા ને નિદાન થયું કે મગજની કોઇ નસનું હેમરેજ થયું છે. પરંતુ સારું છે કે લોહી બહાર નીકળે છે. બધાંએ સૂચવ્યા પ્રમાણે સારવાર શરૂ થઈ અને બાવીસ કલાકે લોહી બંધ થયું !'

મેં તેઓને પૂછ્યું, "તમે તો ભણેલા ને અનુભવી માણસ છો. તમને આવું લોહી પડતું જોઇ ચિન્તા ન થઇ કે હવે મૃત્યુ નજીક છે."

તેમણે હસતાં હસતાં કહ્યું, "જાની ભાઇ, મરવાનું તો નિશ્ચિત છે. આપણે તૈયારી કરીને બેઠા છીએ. સવાલ કયારે

જવાનું થાય છે, તેનો છે. તે થોડા દિવસો, મહિનામાં થાય કે વર્ષોમાં. એની મને કોઈ ચિન્તા નથી !'

મેં કહ્યું : પ્રભુએ તમને ઘણી માનસિક સ્વસ્થતા આપી છે. નહિ તો બીજો માણસ આ પરિસ્થિતિમાં કેવો ગભરાઇ જાય, પત્નીને જગાડી, દોડાદોડ કરાવી મૂકે, ત્યારે તમે તો કશું કર્યા વગર શાન્તિ રાખી રહ્યા ને વચ્ચે ઊંઘી પણ લીધું, એ નવાઇ જેવું છે.

એમણે કહ્યું : સાચી વાત એ છે કે મને પહેલેથી ઈશ્વર-માં ખૂબ શ્રધ્ધા. એનું મનથી નિત્ય સ્મરણ કર્યા કરૂં એટલે મન એવું નિર્ભીક થઇ ગયું છે કે મરણની કોઇ ચિન્તા એને સતાવતી નથી. વળી આપણી ઉમ્મર પાકી થઇ છે એટલે કરવા જેવી વ્યવસ્થા બધી કરી દીધી છે. પછી ચિન્તા શાની !'

ઈશ્વરના સ્મરણ, ભજન ને મનનના પરિણામે કેવી નિર્ભીકતા માણસમાં આવી શકે છે, એનું પ્રત્યક્ષ ઉદાહરણ હું મારી સમક્ષ જોઇ રહ્યો હતો. મને અમારા એ મિત્ર પ્રત્યે ખૂબ માન ને આદર થયાં. જીવનમાં સાધન–ભજન કે જપ–તપ કરીને સમત્વની સ્થિતિ પ્રાપ્ત કરવાની છે, જેને માટે માણસો સંસાર ત્યાગ કરી, તપ, વ્રત ને ઉપવાસો કરે છે, જંગલનાં એકાંતોમાં જઈ વસે છે, છતાં આવી સમતા નથી પામી શકતા, એવું આપણે જોઇએ છે. તો અહીં આ ભાઇ, જીવનભર સંસારમાં રહ્યા, પોતાનું કામ નિષ્ઠાપૂર્વક કર્યું ને જીવનની હરઘટનામાં પ્રભુની મંગલતાનું દર્શન કરી સ્વસ્થતા જાળવી-એ અદ્‌ભુત જેવી, નાનીસૂની નહિ, એવી સિધ્ધિ લેખાય.

પછી વાત નીકળતાં તેઓના પેન્શન વિષે પૂછયું. તેઓ ગુજરાત રાજ્યના નિવૃત કાર્યપાલક ઇજનેર હતા. જીવનમાં ખૂબ પ્રામાણિકતા જાળવી, તેઓએ નોકરી કરેલી. લાંચ રૂશ્વત



ન આપવાના પરિણામે ખૂબ સહન કરેલું. પરંતુ પોતાની સિધ્ધાંત નિષ્ઠામાંથી સહેજ પણ ચલિત ન થયેલા.

પેન્શનમાં પણ તેઓને અન્યાય થયેલો એટલે તે ફરી નક્કી થતાં એના તફાવતની કેટલી રકમ મળી, એ વિષે મેં સહજભાવે પૂછયું, તો કહે રૂા. આઠ હજાર મળ્યા. મેં કહ્યું : ઘણા ઓછા કહેવાય. બીજાઓને ઘણા વધારે મળ્યા, તો તમોને કેમ ઓછા ?'

તેઓએ સહજતાથી જણાવ્યું, 'જાનીભાઇ, હું એની ચિન્તા કરતો નથી. ભાગ્યમાં જે લખાયેલું છે, તે મળવાનું છે જ, પછી ચિન્તા શી ?' પછી ઉમેર્યું, જીવનમાં મેં અપ્રામાણિકતા આચરી હોત, તો સહેજે ચાલીસ–પચાસ લાખ ભેગા કરી શકયો હોત. પણ તે નથી કર્યું તેનો કોઈ રંજ પણ મનમાં નથી. તો પછી કદાચ થોડા હજાર રૂપિયા ઓછા મળ્યા, એની ચિન્તા શી ? '

એમની આવી પ્રામાણિકતા–ધન પ્રત્યેની નિર્મોહિતા ને ભાગ્ય ને ઈશ્વરમાંની અતૂટ શ્રધ્ધાને વંદી રહ્યો : મને થયું આજના ધનપ્રધાન યુગમાં પણ આવી વિરલ વ્યક્તિઓ વસે છે, એ જ પ્રભુની કૃપા કહેવાય. અમારા એ મિત્રનું નામ શ્રી અનંતભાઇ જાની.

---

( પાના ૩ નું અનુસંધાન )

મૂલ્ય ઘણું મોટું છે.

એની અંદર જે શક્તિ, સંપત્તિ, બુદ્ધિ અથવા તો મેધા છે એનો ઉપયોગ કરીને સ્વ અને પરની ઉન્નતિ કે સુખાકારી માટે પરિશ્રમ કરી છૂટવાનો છે. એને માટે આ એક મહામૂલ્યવાન સુવર્ણ તક છે.

—યોગેશ્વર

# "સત્સંગ"

સંકલન : ઈશ્વરભાઇ શાહ

(પ. પૂ સ્વામી શ્રી સંપૂર્ણાનંદજીના સત્સંગમાંથી)

સત્ એટલે આત્મા. આત્મા અમર છે. અસત્ એટલે શરીર. તે નાશવંત છે. વિકૃત થતું રહે છે.

તો પ્રથમ વિચારવું પડશે ને સાબીત કરવું પડશે કે (૧) ખરેખર આત્મા શરીરને ચોંટેલ છે? કે (૨) શરીર આત્માને ચોંટેલ છે? છે શું? અગર (૩) આત્મા અને શરીર જુદાં છે?

પ્રશ્ન નં. ૧–પ્રથમ પ્રશ્ન આત્મા શરીરને ચોંટેલ નથી તે સાબીત કરીએ.

આ પાટી મારી સાથે છે. લખવા માટે છે. પણ મારી સાથે ચોંટેલ નથી. કારણ કે જો પાટી અને હું ચોંટેલ હોઇએ તો પાટી ઉપર લખવું, પાટીને જોવી તે શકય જ નથી. વિજ્ઞાનનો સિદ્ધાંત છે કે જે બીજાને જુવે તે બંને સદા જુદાં જ હોય છે. આંખ આંખને નહિ જોઇ શકે, પણ હાથ, પગ, પેટ, માથુ બધા બીજા અવયવોને જોઈ શકશે, કારણ કે આંખ બીજા અવયવોથી જુદી છે.

આત્મા એટલે તમે. હવે તમે શરીરથી જુદા છો એટલે જ બોલો છો કે ક્રોધ આવ્યો, માથું દુઃખે છે, પેટમાં ગડબડ છે. આ સાબીત કરે છે કે તમે શરીરથી જુદા છો. આ ઉપરાંત શરીરની દરેક અવસ્થા, બાળપણ, યુવાની, ઘડપણ, જાગૃતિ, સ્વપ્ન, પણ તમે જુઓ છો એટલે ૧૦૧ ટકા તમે અને શરીર સદા જુદાં છો. કોઈ કાળે ભેગા નથી.



હવે આ જો સમજીને જીવનમાં ઉતારો તો તે પણ સાક્ષી ભાવની સાધના છે.

શરીર બહાર તેમ જ શરીરની અંદર જે ક્રિયા થાય છે, તેનો હું જોનારો સાક્ષી છું. તેમ માનો. શા માટે માનો? કે તમારૂં જ્ઞાન જ કહે છે કે તમો અને શરીર જુદાં છો એટલે માનો.

તમે અને શરીર સદા જુદાં છો તે તમારા જ્ઞાને કહ્યું. બાપુ કહે તો ન માનો, વેદ કહે તો ન માનો. પણ તમારા જ્ઞાનનો આદર કરો, આ આદરની જ વાત છે. આ વાત જે શરીર અને તમે જુદાં છો તે ૧૦૧ ટકા દૃઢ થાય અને શરીરમાં થતી ક્રિયાનું સમર્થન કે વિરોધ ન થાય તો સાક્ષીભાવથી અભિન્ન થવાય.

તમારા શરીરમાં થતી ક્રિયાને પસંદ ન કરો. માત્ર તે ક્રિયાને જુઓ, આ છે Witness સાક્ષી શબ્દ સમજી લઈએ. સાક્ષી શબ્દને કોર્ટ સાથે સંબંધ છે. કોર્ટમાં સાક્ષી હોય, તેણે જે માત્ર જોયું હોય તે જ બોલાય. વધુ બોલે તો કોર્ટ તેને હોસ્ટાઈલ (વિરોધી કે ફરીગયેલો) વિટનેશ જાહેર કરે. તમે બધા હોસ્ટાઈલ સાક્ષી છો. ઈશ્વરની કોર્ટમાંથી રદ્દબાતલ છો.

શરીરની ક્રિયાને મારી ક્રિયા કહેવી અને માનવી તેનાથી દુનિયામાં કોઈ મોટું પાપ નથી.

પ્રશ્ન–૨ શરીર આત્માને નથી ચોંટેલ તે સાબીત કરીએ.

શરીર નાશવાન છે. કોઇ શરીર સ્મશાનમાંથી ઊઠી આત્માને પાછું ચોંટયું હોય તેવો દાખલો નથી. ઉલટુ શરીર માને છે કે માંડ છૂટયું.

ઘરડા જે એક વર્ષથી પથારીમાં પડ્યા પડ્યા માંદા છે, તેમને પૂછો તો પ્રાર્થના કરતા હશે કે હવે શરીર છોડાવ. એટલે શરીર પણ આત્માને નથી ચોંટેલ તેમ સાબીત થાય છે.

પ્રશ્ન-૩ તો હવે આત્મા શરીરને ચોંટેલ નથી, શરીર આત્માને ચોંટેલ નથી. તો પ્રશ્ન નં. ૩ આપોઆપ સાબીત થાય છે કે શરીર સદા ત્રણે કાળ જુદાં જ છે. તો શા માટે સત્સંગમાં કહ્યું કે શરીરનો સંગ છોડો. અહીં તે એટલા માટે કહ્યું કે હે સાધક! તું અને શરીર કદી બંધાયેલા કે અભિન્ન નો'તાં. તારે બંધનનો પ્રશ્ન નથી. તું તો ઈશ્વરનો લાડકો દીકરો છો. પણ માત્ર તેં ખોટી માન્યતા કરી છે. આ માન્યતાનો સંગ છોડાવવો છે.

શરીરનો નહિ, માન્યતાનો સંગ છોડવાનો પ્રશ્ન છે. શરીર તો આ માન્યતા છોડાવવા સાધન છે. શરીર ન હોય તો માન્યતા ન હોય અને છોડવાનો પ્રશ્ન ન હોય.

તો હવે એક વાત નક્કી છે કે માન્યતાનો સંગ છોડવાનો છે. શું માન્યતા કરી છે? કે "હું શરીર છું" આ અસત્‌નો સંગ છે.

બધે સત્ છે. સત્ સિવાય અહીં કોઇ છેજ નહિ. તો સત્ અસત્‌ની માન્યતા કરી શકે? જવાબઃ-ના.

તમો છો સત્. બધે સત્ છે. તો આ "હું શરીર છું" તે ખોટી માન્યતા કરી કોણે? ખોટી માન્યતાનો કરનારો લુચ્ચો આ શરીરમાં છે કે આત્મમાં? ક્યાં છે? હેરાન કરી નાખ્યા. અને કર્મ-જ્ઞાન ભક્તિ-સાક્ષી અને શરણાગતિમાં પાડ્યા છે. ગોતવો પડે. જડે તો જ આ પ્રશ્ન ઉકલે તેમ છે.



જ્યારે આત્મા અને શરીરનું મિલન થાય છે ત્યારે એક પડછાયો પેદા થાય છે. આત્મા છે ચેતન. શરીરમાં ચિત્ત પણ અરિસા જેવું છે. તેમાંથી એક પડછાયો ઊભો થાય છે. પછી આ પડછાયા ઉપર તે સ્વીકૃતિ કરે છે કે હું ચંદુલાલ. ફઈબા નામ પાડે છે. અને પડછાયો તે પકડી લે છે. પછી મા કહે છે બેટા-ચંદુ, આ તારા પપ્પા. તો પડછાયો કહે છે 'પપ્પા.' પપ્પા પછી તો જ્ઞાતિ, સંપ્રદાય, અભ્યાસ, ધંધો, પત્ની, મકાનો, બાળકોને મારા માની સ્વીકૃતિઓ લાખો કરી પડછાયો એક વ્યકિતત્વ ઊભું કરે છે. આ વ્યક્તિત્વને આંખો છે. એટલે જગત સામે જોતાં જ કામના કરે છે કે બીરલા જેવું કારખાનું કરું. ડોકટર બનું. એન્જીનીયર બનું. પ્રધાન બનું. કામના કોઈક પુરી થાય છે. તો બીજી મોટી કામના કરે છે. જેનું નામ શાસ્ત્રોએ તૃષ્ણા પાડેલ છે.

પછી તો ઈશ્વરનો દીકરો છે. દીકરાના હિતમાં ઈશ્વર બધી કામના પુરી કરવા દેતો નથી. કામના જેવી પુરી ન થઈ કે તરત જ જગત આખું ખારૂં લાગે છે. અને દોડે છે બાપુ પાસે. 'ચાલો, સાંભળું કે ઈશ્વર શું? હું કોણ છું? જગત શું છે? આનું નામ શાસ્ત્રોએ જિજ્ઞાસા પાડયું છે. કામનામાંથી નિષ્ફળતા કે જિજ્ઞાસા પ્રત્યે જાગૃતિ. એટલે જ્યારે તમારી કામના પુરી ન થાય ત્યારે પાર્ટી કરજો કે આજનો દિવસ ધન્ય કે હવે જિજ્ઞાસા જાગી. મારા ઘરની ગોત (શોધ) શરૂ થઈ. આ કારણે કુંતાએ દુઃખ માગેલ છે. કામના પુરી ન થવી, તેનું નામ છે દુઃખ. દુઃખ જ આવે, દુઃખ જ રહે, તો જિજ્ઞાસા જાગતી રહે. સુખથી પણ જાગે. પણ તે વાત ખૂબ અઘરા છે.

સુખમાં જેને દુઃખ દેખાય તે ઘડીયે તેને કોઇ સાધના કર્યા સિવાય તરત જ ઇશ્વરથી અભિન્નતા આવે છે. આ કારણે જૈનોના ૨૪ તીર્થંકરો રાજા હતા અને સુખી હતા. રામ, કૃષ્ણ, ભરત, બુદ્ધ, મહાવીર બધા રાજા હતા. સુખી હતા. આ બધાને સુખમાં સમૃદ્ધિની છોળો ઉડતી હતી, છતાં ૧૧ વર્ષે આ બધાને દુઃખનાં દર્શન થયાં કે તરત જ સીધા ઈશ્વર. પણ સુખમાં દુઃખદર્શન તો અબજોમાંથી કોઇ એકને થાય.

સુખમાં દુઃખદર્શન જન્મોજન્મની સાધના હોય તો જ થાય છે. એટલે શુકદેવજી ગર્ભમાંથી બહાર જ નહોતા આવતા. કે મારે જગતમાં નથી આવવું. ઘણા જન્મો ભૂલ ખવડાવી છે. એટલે સુખમાં દુઃખદર્શન કઠિન છે. દુઃખમાં દુઃખ દર્શન ૨૪ કલાક છે. હવે આ દુઃખનો પ્રભાવ કોઈ ગુરુ સમજાવે તો વાત પુરી થાય. હા. સમજાવવા માટે તો સત્સંગ છે. સમજાવવાથી નર્થા પતતું. ડોકટર તો રોગ જોઇ દવા લખી આપે. પછી ચરી પાળવાનું કહે. પછી દવા, ચરી તો તમારે જ પાળવી પડશે. ઈશ્વરથી અભિન્ન થવાના ઘણાં સાધન છે. હું તમને કેટલાંક કહીશ. તમને જે સહેલું લાગે તે એક સાધન પકડી લેજો. પકડીને રસ્તે ચાલ્યા જજો. રસ્તો પણ બતાવીશ. મંઝીલ પણ બતાવીશ.

અંતરાત્મા જે વાતમાં શાખ ના દેતો હોય તેવી બાબતમાં તત્ક્ષણે જ હઠી જવું અને પોતાને જે સાચું લાગતું હોય તેમ જ વર્તવામાં ચારિત્ર્યનું ઘડતર થતું હોય છે, તે જ કરવું.



# ઓળખો આપણા મનને (૪)

—મંગળભાઈ પંચાલ

ગયા અંકમાં (જાન્યુઆરી '૮૬) આપણે મગજનું શરીરમાં રહેલું સ્થાન તેમજ શક્તિઓ, તેના પ્રકાર તથા તેના આવિષ્કાર વિષે સહજ સમજૂતિ મેળવી. જિજ્ઞાસુઓએ આ વિષયમાં ખરેખર જ રસ લેવો જરૂરી છે કારણ કે તેનાથી આપણી સાધનાનો માર્ગ સહજ અને સરળ બની જાય છે. આપણી બુદ્ધિનો આંક (I. Q) ઊંચો જવાથી અગમ્ય વિષયો પણ પછી ગમ્ય બની શકે છે.

મગજના તેમ જ શરીર, મન અને આત્માના વિકાસ માટે પાછળના પ્રકરણોમાં જરૂરી ગુણો તેમ જ ક્રિયાઓ દર્શાવી છે. એટલે અહિં તેની ચર્ચા અપ્રસ્તૂત ગણી છે.

ડીસેમ્બર '૮૫ના અંકમાં આપણે જોયું હતું કે ૪૦-કરોડ વોલ્ટેજ ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવતા આપણા શરીરના અણુકોષો માત્ર ૪૦-વોલ્ટ જેટલી પણ શક્તિ કેમ ઉત્પન્ન નથી કરતા ? અથવા શકિત થોડી ઘણી ઉત્પન્ન થઇ તો કયાં વેડફાઈ ગઈ ?

આપણે વ્યવહારમાં જોઇએ છીએ કે જે કોઈપણ વ્યક્તિ, કુટુંબ, પેઢી, કારખાનાં, મીલો, ઉદ્યોગ, રાજ્યો કે દેશોએ જ્યાં જ્યાં પણ પ્રગતિ કરી છે, નામના મેળવી છે, વર્ષોના વર્ષો સુધી પ્રતિષ્ઠિત રહ્યા છે તેના મૂળમાં, શાંતિ, એક જ લક્ષ્ય તરફ રાત્રિદિવસ સતત પરિશ્રમ અને એકનિષ્ઠા વગેરે રહેલાં હોય છે જ. આ સિવાય કોઈપણ પ્રકારની પ્રગતિ શકય જ નથી. પેઢીઓ, કારખાનાં, મીલો, ઉદ્યોગોમાં જો તેનો અધિકારી વર્ગ–પછી તે વહીવટી ક્ષેત્રનો હોય કે ટેકનીકલ ક્ષેત્રનો-બન્નેએ ખભેખભા મિલાવીને નક્કી કરેલી પોલીસી કે લક્ષ્યાંકો અનુસાર સતત પરિશ્રમ કરવો જ પડતો

હોય છે. પ્રગતિની નિશાની જ એ છે કે તેઓએ પરસ્પર સહકારથી કામ કર્યું છે. "Peace is development, not merely the absence of war."–બાબા આમટે.

પાછળના પ્રકરણોમાં આપણે જોઈ ગયા તે પ્રમાણે આપણા શરીર તેમજ મનનો વિકાસ આ રીતે જ થયો છે. બાળકોનો વિકાસ બહુ જ ઝડપથી થાય છે, પરંતુ યુવાનો તેમ જ પ્રૌઢોમાં એટલો જલદી વિકાસ થતો નથી, તેમાં આ જ મુખ્ય કારણ છે. તો એક નિયમ આપણે જોયો કે એકનિષ્ઠા, સતત પરિશ્રમ અને શાંતિ વિના પ્રગતિ શકય નથી. ત્યારે આપણને સહજ સમજાઈ જવું જોઈએ કે ૪૦–કરોડ વોલ્ટેજની ક્ષમતા ધરાવનાર આ શરીર તેના હજારમા ભાગ જેટલી પણ શક્તિ કેમ ઉત્પન્ન નથી કરી શકતું ? ઉત્તર સ્પષ્ટ છે : શરીર-માં રહેલાં યંત્રો એક બીજા સાથે સહકારથી કામ કરતાં નથી. ઘણે બધે ઠેકાણે અવરોધો રહેલા હોય તો જ વિકાસ અટકે.

નવેમ્બર '૮૫ના અંકમાં આપણે સામર્થ્ય વિષે વાત કરી હતી. મૂળ સામર્થ્ય અથવા ચૈતન્ય શકિત સચરાચરમાં વ્યાપીને રહેલી છે. "અખંડ મંડલાકારં, વ્યાપ્તં યેન ચરા-ચરમ્." આ ચૈતન્ય ઘનીભૂત થતાં થતાં છેવટે આપણું આ મનુષ્ય સ્વરૂપ બંધાયું. જેમ વાદળાંમાંથી પાણી અને તેનું બરફમાં રૂપાંતર થાય છે તે જ નિયમો અનુસાર આપણું સ્થૂળ રૂપાંતર થયું છે. હવે સૂક્ષ્મ તરફ જવા માટે આપણે તેનાથી ઉલટી પ્રક્રિયા કરવી પડશે, એ સ્પષ્ટ છે. જેમ જેમ આપણો સૂક્ષ્મમાં પ્રવેશ થતો જશે તેમ તેમ આપણામાં રહેલા સૂક્ષ્મ સામર્થ્યની પ્રતીતિ થતી જશે એ નક્કી જ છે.

વિજળીના સામર્થ્યને આપણે સૌ જાણીએ છીએ. વિજળી ઉત્પન્ન કરવા માટેના જે નિયમો વૈજ્ઞાનિકોએ ઘડયા છે તે જ નિયમોને આધારે આપણા શરીરમાં પણ લો–વોલ્ટેજ ધરાવતી વિજળી ઉત્પન્ન થાય છે અને આ વિદ્યુત આપણા



જ્ઞાનતંતુઓ દ્વારા શરીરના ખૂણે ખૂણે કોઈ અકલ્પ્ય ગતિએ ફરે છે. એનું પ્રત્યક્ષ પ્રમાણ એ છે કે શરીરના કોઇપણ અંગમાં કોઇપણ પ્રકારના સ્પર્શનો આપણને અનુભવ થાય છે જ. પ્રાણ તેનું ચાલક બળ છે. જ્યાં સુધી આપણા પ્રાણ ચાલે છે ત્યાં સુધી આપણા શરીરમાં વિદ્યુત ઉત્પન્ન થયે જ જવાની. વિદ્યુતનું જ બીજું નામ છે શક્તિ. જેનો પ્રાણ બળવાન તે વિશેષ શકિતમાન. આ પ્રાણનું જેમ જેમ સૂક્ષ્મીકરણ કરતા જઇએ તેમ તેમ આપણામાં વિશેષ ને વિશેષ શક્તિ પ્રાપ્ત થયે જ જવાની. સંતો, મહાત્માઓ, યોગીઓ વગેરેમાં જે વિશેષ સામર્થ્ય રહેલું જણાય છે તેનું રહસ્ય આ જ છે.

એક ઇલેકટ્રીક મોટરની રચના જોઇએ. ૧/૪ થી માંડીને ૧૦૦ હો. પાવર સુધીની ઇલેકટ્રીક મોટરો બને છે. તેનાથી પણ વિશેષ શક્તિશાળી એવાં જનરેટરો પણ હોય છે. આ મોટરમાં તાંબાના તારની એવા પ્રકારે ગુંથણી કરવામાં આવે છે કે એક પણ જગ્યાએ તાર ભેગા ન થાય. જે રીતે આપણા ઘરોમાં નેગેટીવ અને પોઝીટીવ–ની જુદી જુદી લાઇનો નાખવામાં આવે છે, તેજ રીતે અહિં પણ તાર બાંધવામાં આવે છે. એમાં એ હેતુ રહેલો છે કે જ્યારે આ મોટરમાં ઇલેકટ્રીક પ્રવાહ વહેવડાવવામાં આવે ત્યારે જે ચૂંબકીય બળ ઉત્પન્ન થાય તે એક જ દિશામાં વહિતું રહે. આ મોટરની ધરી, જે વચ્ચે હોય છે, તેને ચૂંબકીય અસર એકધારી અને એક જ દિશા તરફથી થતાં, તે ફરવા માંડે છે. આને છેડે પુલી નાખવામાં આવેલી હોય છે અને તેની સાથે યંત્રનું વી–બેલ્ટ વડે જોડાણ આપવામાં આવ્યું હોવાથી તે યંત્ર ચાલે છે. ટેલબ પંખાનું ઉપલું કવર કાઢી નાખીને તે સાથે તેના પાંખીયાં પણ કાઢી લેવાં. પછી ધરીને છુટ્ટી જોઈ શકાશે. હવે સ્વીચ આપીને પંખો ચાલુ કરતાં ધરી ફરતી જોઇ શકાશે.

આંદોલનનો નિયમ પણ આ જ પ્રકારે કામ કરે છે. મૂળ સામર્થ્ય તો એક જ છે. આ મૂળ સામર્થ્યમાં સર્વ કંઈ ભરેલું છે જ. જે ભેદ પડે છે તે તેના પ્રકટીકરણમાં–તેના આવિષ્કારમાં જ પડતો હોય છે. જો હારમોનિયમની ધમણ બરાબર હોય, અંદરની રચના, તેના પડદા, કળો વગેરે નિયમાનુસાર હોય તો, અને વાજીંત્ર કેવી રીતે વગાડવું, એટલે કે રાગરાગણીનો ખ્યાલ હોય તોજ સુંદર સુરાવલીઓ ગાઈ બજાવી શકાય. અન્યથા અસંભવ. તે જ રીતે મોટરના તાંબાના તાર યથાયોગ્ય માપના હોય, તેને કુશળતાપૂર્વક બાંધ્યા હોય, તો જ તે મોટર યંત્રો ચલાવી શકે. અન્યથા અસંભવ.

આપણે શ્વાસ દ્વારા જે પ્રાણ લઈએ છીએ તેમાં થઈને મૂળ સૂક્ષ્મ સામર્થ્ય આપણા શરીરમાં દાખલ થાય જ છે. તેનાથી હૃદય, ફેફસાં, જઠર, રૂધિરાભિસરણ, ઉત્સર્ગ વગેરેની ક્રિયાઓ થાય છે. થોડીક શકિત પણ પ્રાપ્ત થાય છે. પરંતુ તેમાં ઉપર દર્શાવેલ નિયમનું પાલન થયેલું હોતું નથી. ચૂંબકીય બળ ઉત્પન્ન થવામાં જ કેટલાય અવરોધો જાણ્યે અજાણ્યે નાખવામાં આવતા હોય છે. આ જ કારણથી આપણી કરોડ વોલ્ટેજ ઉત્પન્ન કરી શકવાની ક્ષમતા હોવા છતાં તેના હજારમા ભાગની પણ શકિત ઉત્પન્ન કરી શકાતી નથી. આ અવરોધો તે બીજું કાંઈ જ નહિ, પરંતુ "વ્યાધિ-સ્ત્યાનસંશયપ્રમાદાલસ્યાવિરતિભ્રાંન્તિદર્શનાલબ્ધભૂમિકત્વાનવ-સ્થિતત્વાનિ ચિત્તવિક્ષેપાસ્તેઽન્તરાયાઃ।।સ.પા. ૧–૩૦।। તથા "દુઃખદૌર્મનસ્યાંગમેજયત્વશ્વાસપ્રશ્વાસ વિક્ષેપસહભુવઃ।।૧-૩૧।। આ સૂત્રોના વિશેષ ખુલાસા માટે પૂ. મહાત્માજીના "પાતંજલ દર્શન" પરની ટીકામાં સમાધિપાદના ૩૦તથા૩૧મા સૂત્રો પરની ટીકા જોઈ જવાથી ઉપરના મુદ્દા સ્પષ્ટ થઈ જશે.

(ક્રમશઃ)



# આત્મજ્ઞાન અને મોક્ષ

અંબાલાલ વ. પટેલ

## (૧) આત્મજ્ઞાન એટલે શું ?

આત્માનું જ્ઞાન કરાવનાર વિદ્યા તે આત્મજ્ઞાન કે જેને બ્રહ્મજ્ઞાન કે બ્રહ્મવિદ્યા કહેવામાં આવે છે. શરીરમાં મન છે તે બધાંને દેખતું લાગે છે. મનની અંદર કોઇ એવું છે કે જે મનને દેખે છે; તે અંતર્યામી બ્રહ્મ છે. વૃત્તિ રહિત મન પોતાના રૂપમાં બેસે તેનું જ નામ આત્માનું જ્ઞાન. અવિદ્યાનું એટલે કે અજ્ઞાનનું આવરણ હટતાં આત્માનું બ્રહ્મસ્વરૂપ જ્ઞાન થવું તે જ આત્મજ્ઞાન છે. આત્મા ક્યાં છે, કેવો છે, દેહાદિ સાથે કેવો સંબંધ રાખે છે, શું કરે છે વગેરેનું જ્ઞાન તે આત્મજ્ઞાન છે.

## (૨) આત્મજ્ઞાનની જરૂરિયાત

આ સંસારમાં ખરો સુખી કોણ છે ? એનો જવાબ મળશે–કોઈ નહિ. સુખ હશે તોપણ તે જવાની બીકે સુખ ભોગવી શકાશે નહિ. ચિંતકોએ અનંત સુખનો વિચાર કરીને શોધી કાઢ્યું છે કે અજ્ઞાનરૂપી આવરણ દૂર કરવાથી બ્રહ્મ-જ્ઞાન થાય છે અને સંસારનાં ભવબંધનમાંથી છૂટી જવાય છે. બધા ધર્મો સંસારના દુઃખોથી છૂટવાનો ઉપાય બતાવે છે. જે જીવ ચોર્યાશી લાખ યોનિઓમાંથી ભટકતો ચાલ્યો આવે છે તેને છૂટકારો મેળવવાનું સાધન કેવળ એક મનુષ્ય યોનિ જ છે. આવી ઉત્તમ મનુષ્ય યોનિ પ્રાપ્ત કરી જે પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી લે છે તેનું જ જીવન સાર્થક બને છે. ભોગ અને આસક્તિમાં ફસાઈ જ્ઞાન પ્રાપ્તિ ન કરે તો જીવન નિરર્થક બને છે. મનુષ્ય યોનિમાં જ આત્મકલ્યાણ કરવાની શક્તિ છે. સંસારને મિથ્યા માની સર્વ ભૂતોમાં

પરમાત્મદૃષ્ટિ કેળવવી. આ અધ્યાત્મવિદ્યાથી જ પરમાત્માની પ્રાપ્તિ થઇ શકે છે.

### (૩) આત્મજ્ઞાન

આત્મા સર્વના શરીરની અંદર હૃદયરૂપી ગુફામાં રહેલો છે. તે દિવ્ય, પ્રકાશમાન, સંગરહિત, શુદ્ધ, શોકવિનાનો, ભૂખ-તરસ વિનાનો, સત્ય કામવાળો, રૂપરહિત, અચિંત્ય, શરીર-રહિત, પાપ વિનાનો, ઘડપણ વિનાનો, મૃત્યુ રહિત તથા સત્ય સંકલ્પવાળો છે. આત્મા જ પરમાત્મા છે. તે સાક્ષાત્ પ્રત્યક્ષ બ્રહ્મ છે, સચ્ચિદાનંદ છે તથા સર્વનો અંતર્યામી છે. આ અક્ષર બ્રહ્મ સહુને જુએ છે તથા સાંભળે છે પણ તેને કોઇ જોતું નથી કે સાંભળતું નથી. સર્વ પ્રાણીઓમાં રહેલો આત્મા એક જ છે. શરીર આત્માનું આવરણ (ઢાંકણુ) છે. સ્થૂળ શરીર (પૃથ્વી, તેજ, વાયુ, આકાશ અને જલનું બનેલુ), સૂક્ષ્મ શરીર (પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પૃથ્વીનાં વિષયપંચક, વાયુપંચક અને પ્રાણપંચક કુલ ૨૫ તત્ત્વોનું) તથા કારણ શરીર (સુષુપ્તિ અવસ્થાના અજ્ઞાનનું), એ ત્રણ શરીરોથી આત્મા ભિન્ન છે. સ્થૂલ શરીર મૃત્યુ પછી નાશ પામે છે. સૂક્ષ્મ શરીર જીવની સાથે એટલે કે પ્રાણ શરીરમાંથી નીકળે ત્યારે તેની સાથે જ નીકળી જાય છે. પ્રથમ પ્રાણ સર્વ ઇન્દ્રિયોને પોતાના તરફ ખેંચી લે છે, કારણ કે પ્રાણમાં ક્રિયાશક્તિ રહેલી છે. પ્રાણવડે નથાએલું સૂક્ષ્મ શરીર બીજા શરીરમાં જાય છે. વીર્યની સાથે તે પ્રાણ સૂક્ષ્મ શરીરને બાંધીને ગર્ભમાં જાય છે. બીજા શરીરમાં બીજા પ્રારબ્ધથી સુખદુઃખ ભોગવે છે. અજ્ઞાનનો નાશ થાય ત્યારે જ પ્રાણનો નાશ થાય છે. મનુષ્યના પડછાયાની માફક પ્રાણ આત્માનો પડછાયો છે. તે આત્માની પાછળ પાછળ જાય છે.



અંતઃકરણના સંબંધથી અંતઃકરણમાં આત્માનો જે આભાસ પડે છે અને દેખાય છે તે જીવ કહેવાય છે. તે જીવમાં અંતઃકરણ, મન, બુદ્ધિ, પ્રાણ વગેરેના ધર્મો દેખાય છે. જીવની અજ્ઞાનાવસ્થાના પાંચ કોષ (અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય)માં અહંકારાધ્યાસ છે કે જેમાં 'અહં' થાય છે અને બહારના પદાર્થોમાં સંબંધા-ધ્યાસ થાય છે એટલે કે મારાપણાનો અધ્યાસ થાય છે. હું જ્ઞાની છું, મૂર્ખ છું વગેરે જૂઠાભાવ બુદ્ધિના છે, જીવાત્મા-ના નથી. જ્ઞાની દુઃખ આપનાર અહંકારાધ્યાસ અને સંબંધા-ધ્યાસનો ત્યાગ કરે છે.

આત્મા પ્રત્યક્ષ પ્રમાણનો વિષય નથી, કારણ કે કોઇ-પણ ઇન્દ્રિય પરમાત્માને બતાવી શકતી નથી. 'तत्त्वमसि' (તે તું જ છે)માં લક્ષણાવૃત્તિ કરવી પડે છે, ત્યારે જ આત્માના બ્રહ્મરૂપનું જ્ઞાન થાય છે. શરીરાદિ જડ છે, પરંતુ અંદરનો આત્મા 'तत्त्वमसि' (તે તુંજ છે) ની લક્ષણાવૃત્તિથી બ્રહ્મ છે. સંસારના પદાર્થોનું જ્ઞાન થવા માટે બે વાતની જરૂર છે. (૧) મનની વૃત્તિ (૨) પ્રકાશ. (પ્રકાશ એટલે ચેતનનું પ્રતિબિંબ). સંસારમાં બે પદાર્થ છે-(૧) દૃશ્ય (સંસારના પદાર્થો) (૨) દૃષ્ટા (પરમાત્મા) કે જે સંસારનો બનાવનાર છે. જેમ દીપક સર્વનો પ્રકાશ કરી પોતાનો પણ પ્રકાશ કરે છે; તેને બીજા પ્રકાશની જરૂર નથી, તેમ આત્મા શરીર, ઇન્દ્રિયો તથા મનદ્વારા વિશ્વના પદાર્થોનો પ્રકાશ કરે છે અને પોતાનો પણ પ્રકાશ કરે છે. આત્મા સ્વયં જ્યોતિ-પ્રકાશ છે. જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્તિ અવસ્થામાં ચૈતન્ય (જ્યોતિપ્રકાશ) એકસરખું અનુભવાય છે.

સંસારમાં જે દેખાય છે તે માયા છે. સાચા જેવું લાગે છે, પણ જુઠું છે. વિવેક, વૈરાગ્ય વગેરેથી જ્ઞાનપ્રાપ્તિ થાય

છે. જ્ઞાનથી અજ્ઞાન જતું રહેતાં આત્મજ્ઞાન થાય છે. સંસારમાં જે ભેદ દેખાય છે, તે બે પ્રકારનો છે–૧. વ્યવહારનો, ૨. પરમાર્થનો. વ્યવહારના ભેદને ભેદ કહેવાય છે, પણ પરમાર્થના ભેદને ભેદ કહેવાતો નથી. વ્યવહારને લઇને ટેબલ ખુરસીમાં ભેદ છે, પણ બંને લાકડું હોવાથી પરમાર્થમાં ભેદ નથી, સંસારમાં ગુરુ. શિષ્ય, કાકા, મા, બાપ, બેન વગેરે રમકડાં છે. તે વ્યવહારની દૃષ્ટિએ સાચાં છે, પરંતુ પરમાર્થની દૃષ્ટિએ જૂઠાં છે. સંસારમાં જીવ અને ઈશ્વર ભાવ વ્યવહારની દૃષ્ટિએ સાચો છે, પરંતુ પરમાર્થની દૃષ્ટિએ જૂઠો છે કારણ કે જીવ અને ઈશ્વર એક જ છે. પરમાર્થના અસલી રૂપના જ્ઞાનને એટલે કે સત્, ચિત્, આનંદ, અદ્વૈતને બ્રહ્મજ્ઞાન કહે છે. માયા ફેલાવનાર અને સમસ્ત સંસાર ને વશ રાખનાર પરમાત્મા સર્વ ભૂતોનો અંતરાત્મા છે. મનથી ભગવાનનું ધ્યાન કરો એટલે ભગવાનને ખબર પહોંચે છે. વિષ્ણુ, શંકર સાકરના બનાવો તો સાકરની રીતે બંનેરૂપ એક જ છે, પરંતુ તે બંને એકબીજાનાં રૂપ નથી, જુદાં છે બ્રહ્મત્વની દૃષ્ટિએ તે બંને એક જ છે, ગુણોની દૃષ્ટિએ બંને રૂપ જુદાં છે. ધ્યાનનું આલંબન ગુણ અને રૂપ બની શકે છે, તેથી જ ધ્યાન માટે શાસ્ત્રોએ વિષ્ણુ, શંકરાદિની પૂજા કરવા કહ્યું છે.

અજ્ઞાન કે અશુદ્ધિનો સંબંધ આત્મા સાથે નથી. અજ્ઞાન કે અશુદ્ધિ દૂર કરવા (ચિત્તશુદ્ધિ કરવા) ઉપાસના તથા કર્મકાંડ છે. કર્મકાંડ યજ્ઞાદિ ક્રિયાઓ હોય છે. અજ્ઞાનને કારણે આત્માનું કર્તાપણું જણાય છે. દેહાદિ સ્વતંત્રપણે પ્રકાશી શકતા નથી. તેથી આત્મામાં સ્વરૂપાભાસ જ થાય છે. આત્મા અપરિણામી (સાક્ષી હોવાને કારણે) છે તેથી કૂટસ્થ (નિર્વિકારી) છે. (અપૂર્ણ)



# "આત્મ નિરીક્ષણ"

—વિમલા ઠકાર

"આજે બંધનથી આપણે બંધાયેલા છીએ, એ બંધન બહાર નથી, પણ અંદર છે... સનાતન સત્યતા, સંતોના જીવનના, શાસ્ત્ર પ્રામાણ્યના અને જાત અનુભવના સોગંદ લઈને કહું છું કે બંધન બહાર નથી, અંદર છે. આપણે અંદરથીજ બંધાયેલા છીએ. આ શરીરની બહાર બંધન જ નથી, તેથી મુક્તિ પણ શરીરની બહારથી આવતી નથી. એ અંદર જ જાણે ઉઠનારી ચીજ છે, જાદુ છે, કીમિયો છે, અમૃતવેલ છે. બંધન અને મુક્તિ બંને અંદર છે, એ સમજવા માટે સત્સંગ છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધી ક્યાંય પણ જાઓ તંત્ર, મંત્ર, યોગ, જ્ઞાન, કર્મ કે ભક્તિ કોઇ માર્ગ પોતપોતાના સ્વભાવ અનુસાર પંથ સ્વીકારો–બધાય એકજ વાત કહે છે કે બંધન બહાર નથી, અંદર છે, અને તે સાચું છે.... આપણે જ આપણા મિત્ર છીએ અથવા વેરી છીએ. આપણે જ આપણા મુક્તિદાતા છીએ, કબીરને જુઓ કે નરસિંહને, મીરાંને સાંભળો કે મૂરને, શંકરને વાંચો કે વિવેકાનંદને, રામતીર્થ પાસે જાઓ કે રમણ પાસે જાઓ બીજી વાત નહિં મળે–વાત એકજ છે, બંધન અને મુક્તિ બંને અંદર છે. અને આ વાતનો સ્વીકાર અસ્વીકાર જ સાધનામાં મોટો અવરોધ છે."

બહાર કંઇક છે જે અમને મુકત થવા દેતું નથી એવું માનવામાં એને ભારે સુખ લાગે છે. બહાર કોઇ વ્યક્તિ કે પરિસ્થિતિ, વ્યવહાર, સમાજ કે સંસ્કાર એવા છે જે અમારો રસ્તો રોકી ઊભા છે અને મુકત થવામાં અવરોધ નાંખે છે,

નહીં તો અમે ક્યારના ય મુક્ત થઇ જાત, અમારે તો હમણાં જ મુક્ત થવું છે, પણ કોઈ મુક્ત થવા દેતું નથી. એમ માની એ સાંત્વના લે છે. આમાં એનું અભિમાન અને આળસ પોષાય છે. નિર્બળતાનો બચાવ થાય છે.

"અરીસામાં પણ આપણે બીજાની પાસે કેવા દેખાઇએ છીએ તે જાણવા માટે જોઇએ છીએ; આપણે જેવા છીએ તેવા દેખાવા માટે નહિ.

જ્યાં સુધી ભીતરનો પરિચય નહિ પમાય, ત્યાંસુધી બહારની ગુલામી છૂટશે નહિં, બંધન વસ્તુમાં નથી, વસ્તુઓ પ્રતિ આપણી વૃત્તિમાં છે, આસક્તિમાં છે.

સંકલન "આનંદ"
લીંબડી

શ્રી યોગેશ્વર કૃપા.
સંદિપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોઢી બંગલા, ઉમરા જકાત નાકા પાસે–સુરત.



# પ્રશ્નોત્તરી

—શ્રી અભિરામબાબા

[હમણાં તા. ૧૯/૧ થી તા. ૨૫/૧ સુધી ભાવનગરમાં કેદારનાથ પાસેની ગરુડચટ્ટી પાસેના આશ્રમના અધિપતિ પ. પૂ. બાબાશ્રી અભિરામબાબા પધાર્યા. તેઓના સાન્નિધ્યમાં રોજ સવારે પ્રશ્નોત્તરી થતી. તેમાંથી થોડા પ્રશ્નો ને ઉત્તરો અહીં રજુ કરવામાં આવ્યા છે. પ. પૂ. બાબાશ્રી ઉચ્ચકોટિના આત્મદર્શી સંત હોવા છતાં ખૂબ સરલ, નમ્ર વિનોદી ને આડંબરરહિત મહાત્મા છે. આવા સંતો બહુ ઓછા જોવા મળે છે. –તંત્રી]

પ્રશ્ન:–સદ્‌ગુરુ શિષ્યને કેવી સહાય પહોંચાડી શકે ?

ઉત્તરઃ–સદ્‌ગુરુ શિષ્ય કે સાધકને ત્યારેજ સહાય કરવા તત્પર થાય છે, જ્યારે તેઓ સાધકમાં આત્મિક માર્ગે આગળ વધવાની ભૂખ કે ઝંખના જુએ છે, આવી ઝંખના કે તરસ ન હોય, તો ગુરુની ગમે તેટલી સહાય પણ કામ લાગતી નથી. મારી આ વાત નીચેના ઉદાહરણથી વધારે સારી રીતે સમજાશે.

એક ઊંડો ખાડો છે. એમાં એક કીડો પડી ગયો છે. તે ઘણો ઘણો પ્રયાસ કરે છે, ફાંફાં મારે છે, પરંતુ બહાર નીકળી શકતો નથી. પોતાની સર્વશક્તિ કામે લગાડવા છતાં, ખાડામાંથી તે બહાર આવી શકતો નથી.

કીડાની આ મથામણ પસાર થતા એક સાધુ પુરુષ જુએ છે. તેને કીડાની પરિસ્થિતિ જોઈ અનુકંપા ને કરૂણા થાય

છે. તેઓ તેને બહાર નીકળવા માટે સહાય કરવા તત્પર થાય છે. પોતાના હાથમાંની લાકડી તેઓ તે ખાડામાં ત્રાંસી રાખી દે છે.

કીડાને લાકડીનું અવલંબન મળતાં તે તેનો સહારો લઇ ઉપર ચઢીને બહાર નીકળી આવે છે.

કીડાની જેવીજ સ્થિતિ સાધકની સમજી લેવાની. જો સાધકમાં આ ભૌતિક મોહમાયામાંથી છૂટવા માટેની ઝંખના જ નહિ હોય, તો તે પોતાની પ્રવર્તમાન સ્થિતિમાં સંતોષ માનીને જીવતો રહેવાનો. એમાંજ એનું આયુષ્ય પૂરૂં થઇ જવાનું. પરંતુ જો એનામાં આ દુનિયાની મોહમાયામાંથી છૂટવાની, આત્મિક માર્ગે આગળ વધવાની ઇચ્છા હશે, તો સદ્‌ગુરુ તેને સાધનરૂપી લાકડી પકડાવી દેશે. પછી એ સાધનરૂપી લાકડીના સહારે આગળ વધવા પુરુષાર્થ કરવાનું કાર્ય તો સાધકે જ કરવાનું રહેશે. એ કાર્ય ગુરુ નહિ કરી આપે. સાધકે તે જાતે જ કરવાનું રહેશે. સાધકના પોતાના પ્રયત્નો જ્યાં કામયાબ ન બની શકતા હોય, ત્યાં જ સદ્‌ગુરુ-ની સહાય મદદરૂપ ને માર્ગદર્શક બને છે. સાધકને નિરૂત્સાહ નથી થવા દેતી, અને આગળ ને આગળ પ્રગતિ સાધવામાં પ્રોત્સાહક બની રહે છે.

પરંતુ ત્યાગ કે વૈરાગ્ય વિના સદ્‌ગુરુનો ઉપદેશ સાધક-ના અંતઃકરણમાં ટકતો નથી, અને તે વિના આત્મિક કલ્યાણનું કામ બનતું નથી. એથી સૌ પ્રથમ સાધકના અંતઃ-કરણમાં દુન્યવી પદાર્થોની વિનાશિતાની દૃઢ પ્રતીતિ થઈ જવી જોઈએ. તો જ તેને અનિત્ય વસ્તુઓમાં આસક્તિ કે મમત્વ નહિ થાય. એ પછી વૈરાગ્ય અને ત્યાગ સરળ ને સ્વાભાવિક બનશે.



પ્રશ્નઃ-સંસારની અનિત્યતાની ઘણી બધી વાતો સાધક શાસ્ત્રોમાં વાંચે છે, છતાં તેને વૈરાગ્ય કેમ નહિ થતો હોય ?

ઉત્તરઃ-કેવળ અનિત્યતાની વાતો જાણવી, સાંભળવી એ પૂરતું નથી. આવું તો દુનિયામાં આપણે ઘણું જોતા હોઇએ છીએ. સીગારેટના દરેક પાકીટ ઉપર લખવામાં આવે છે, કે Smoking is injurious to health. બધા સીગારેટ પીનારા આ વાંચે છે, છતાં પણ તેઓ પીએ છે. તો વાત તો એ થઈ કે સીગારેટ પીવી આરોગ્ય માટે હાનિકારક છે, તે જાણવા છતાં પીનારા પીએ છે.

એવી રીતે સંત પુરુષો અને શાસ્ત્રો માણસોને ચેતવે છે કે "ભાઇ, સંસારના આ બધા પદાર્થોમાં પ્રીતિ ને મમતા ના કરો. આ બધા નાશવંત છે. એક નિત્ય અને સનાતન તો તમારો આત્મા જ છે. તેને પ્રાપ્ત કરો તો સુખ, શાંતિ ને આનંદ પામશો." પરંતુ આ ઉપદેશ અનેકવાર સાંભળવા છતાં મનુષ્ય ઉપર પેલા સીગારેટ પીનારાની જેમ કોઇ અસર થતી નથી.

આથી મહત્ત્વની વાત એ છે કે કોઇની કહેલી, સાંભળેલી કે લખેલી વાત જ્યાં સુધી માનવીના દિલમાં લખાઇ જતી નથી, જ્યાં સુધી વ્યક્તિના પોતાના અંતઃકરણમાં દુન્યવી વસ્તુઓની નશ્વરતાની વાત લખાઈ જતી નથી, ત્યાં સુધી તે અસર કરતી નથી. જે ક્ષણે સીગારેટ પીનારના અંતઃકરણમાં એના પીવાથી થતા નુકસાનની પ્રતીતિ થઈ જશે, તે ક્ષણેજ તે સીગારેટ ફેંકી દેશે. પછી બીજાઓ લાખ ઉપાય કરે ને સમજાવે, છતાં તે નહિ જ પીએ.

એટલે સંસારની નશ્વરતાની પ્રતીતિ સાધકના હૃદયમાં એકવાર થઇ જાય, તો તેને કદી સાંસારિક વસ્તુઓમાં

આસક્તિ નહિ થાય, પછી ભલે એ સંસારમાં રહે, છતાં મનથી ક્યાંય નહિ બંધાય.

પ્રશ્નઃ-પરમાત્માને શી રીતે ઓળખાય ને પ્રાપ્ત કરાય ?

ઉત્તરઃ-પરમાત્માને તર્ક કે બુદ્ધિથી ઓળખવાનું શક્ય નથી, કારણ કે તે એનાથી પર છે. જે ક્ષણે તમે બુદ્ધિ કે તર્કથી પરમાત્માને સિદ્ધ કરવા પ્રયત્ન કરશો તે ક્ષણે જ તમારો પ્રયાસ નિષ્ફળ બનવાનો, કારણ કે ઈંદ્રિયો કે વાણીની પહોંચ ત્યાં નથી. એ કેવળ અનુભવનો વિષય છે.

ઈશ્વરના અસ્તિત્વમાં જો તમારી નિષ્ઠા હશે તો તમોને એની પ્રતીતિ—જરૂર થવાની. પરંતુ જેને એના અસ્તિત્વ વિષે જ શંકા છે, તે કદી પ્રભુના અસ્તિત્વના રહસ્યને પામી શકવાનો નહિ.

ઈશ્વરની ઓળખ કે પ્રાપ્તિ અંતઃકરણમાં એ માટેની તૃષા જાગ્યા વિના થતી નથી. એકવાર એને પ્રાપ્ત કરવાની તૃષા કે તીવ્ર તરસ લાગી જાય છે, તે પછી જ આગળનું કામ થાય છે. સંતનાં ચરણો જ્યાં સુધી સાધકના અંતઃકરણમાં સ્થાયી કે સ્થિર થતાં નથી, ત્યાં સુધી સદ્ગુરુનો ઉપદેશ પણ હૃદયમાં ટકતો નથી. એટલે સદ્ગુરુમાંની શ્રદ્ધા સૌ પ્રથમ દૃઢ થવી આવશ્યક છે. એ હંમેશાં યાદ રાખો કે ગુરુદેવ ને પરમાત્મા નિત્ય છે, ગુરુકૃપામાંજ પ્રભુકૃપા સમાઈ જાય છે, બન્ને તદ્દન અભિન્ન છે. એથી ગુરુકૃપા થઈ એટલે સમજો કે પ્રભુકૃપા પણ થઈ જ છે. પ્રભુની ઇચ્છા વગર ગુરુ કૃપા કરતા નથી.

એક આત્મદર્શી સંતનો અંતિમકાળ નજીક જોઇ, એમના શિષ્યોએ વિનંતી કરી કે ગુરુદેવ આપને જે આત્મદર્શન



કે પ્રભુદર્શન થયું છે, તેના વિષેનું લખાણ અમને કરી આપતા જાઓ, જેથી આપની અનુપસ્થિતિમાં અમે તે વાંચીને આત્મદર્શન કરી શકીએ. આમ કહી ગુરુદેવની પાસે થોડા કાગળો મૂકી દીધા કે જેથી ગુરુદેવ એમાં આ પ્રકારનું લેખન કરી કે કરાવી શકે.

થોડા સમય પછી એ મહાપુરુષનો અંતિમ સમય ખરેખર એકદમ નજીક લાગ્યો, ત્યારે ભકતોએ પેલા લખાણની માગણી કરી.

ગુરુએ તો કાગળોનું એ બંડલ છોડયું જ ન હતું. છતાં પોતાના એક અધિકારી શિષ્યને પાસે બોલાવી તે કાગળોનું બંડલ તેના હાથમાં આપી દીધું. બધાને થયું કે ચાલો, ગુરુએ પોતાની હયાતી બાદ આપણને આત્મદર્શન માટે ઉપયોગી થાય, એવો ગ્રંથ લખી આપ્યો. ભવિષ્યમાં આપણને એ કામ લાગશે.

પરંતુ સહુના આશ્ચર્ય વચ્ચે પેલા શિષ્યે તો સદ્ગુરુની શય્યા પાસે જે ધૂણી જલતી હતી, તેમાં તે બંડલ પધરાવી દીધું. બધાંના મુખમાંથી અરે ! આ શું કરો છો ? ના ઉદ્ગાર નીકળી ગયા. પરંતુ બેચાર મિનિટમાં જ એ કાગળોનું બંડલ બળીને ખાખ થઈ ગયું !

બધાંને થયું કે ગુરુએ ખોટા શિષ્યની પસંદગી કરી, જેણે એક મહાગ્રંથનો નાશ કરી નાંખ્યો. પરંતુ સહુના આશ્ચર્ય વચ્ચે ગુરુ પોતાની શય્યામાં બેઠા થયા અને પેલા શિષ્યને છાતી સાથે ચાંપ્યો. એને આશીર્વાદ આપ્યા. પોતે યથાર્થ વ્યક્તિને પોતાના ઉત્તરાધિકારી નીમવાનો સંતોષ ગુરુના મુખ ઉપર દૃશ્યમાન થતો હતો.

ગુરુનું આ વર્તન ન સમજતાં, લોકો આશ્ચર્યમાં પડ્યા. તેઓના વિસ્મયનું નિરસન કરતાં ગુરુએ કહ્યું "ભાઇઓ, આત્મદર્શન કે પ્રભુદર્શન એ બુદ્ધિ કે લેખનનો વિષય નથી. એ તો કેવળ અનુભવનો વિષય છે. આત્મદર્શન માટે જે વ્યક્તિ વરણ કરી લે છે, તેને તે પ્રાપ્ત થાય છે. આ અનુભવની વાત છે. તેને ભાષામાં શી રીતે લિપિબદ્ધ થાય ? એટલે આ કાગળોમાં મેં કાંઈ લખાણ કર્યું ન હતું. મારો આ શિષ્ય પોતે આત્મજ્ઞાની હોવાથી, એ પણ સમજતો હતો કે આવું આલેખન શી રીતે થાય ? એથી એ કાગળો કોરા હોવાથી એણે એમને મારી ધૂણિમાં પધરાવી દીધા. એની આ ચેષ્ટાથી મને ખૂબ આનંદ થયો. થયું કે આત્મદર્શન કે પ્રભુપ્રાપ્તિ એ લેખનનો વિષય નથી, તેની પ્રતીતિ એને છે જ. એથી મેં એને આલિંગન આપ્યું.

ચિત્તને સંપૂર્ણ નિર્વિચાર કે અહંકાર રહિત કર્યા સિવાય આત્મદર્શન શક્ય નથી. આ ચિત્ત બીજે ન ભટકે ને શાંત ને સ્થિર રહે તે માટેજ વિવિધ સાધનો બતાવ્યાં છે. ચિત્તની બહિર્મુખતા ઘટાડવા માટેજ આ બધાં સાધન છે.

ભલે તમે કંઇ ન કરો, ને કેવલ નિર્વિચાર સ્થિતિમાં બેસી શકો તો પણ ઘણું છે. ચિત્તમાં કોઈ પણ પ્રકારની વૃત્તિઓ ના ઊઠે તે માટે પાતંજલ યોગદર્શનમાં વિવિધ સાધનોનો ક્રમ બતાવ્યો છે.

પ્રશ્નઃ–પૂર્વજન્મના સંસ્કારો આત્મિક ઉન્નતિના માર્ગમાં મદદરૂપ થાય કે નહિ ?

ઉત્તરઃ–આવા સંસ્કારો મદદરૂપ થાય ને અવરોધરૂપ પણ થાય, એનો આધાર એમના પ્રકાર ઉપર રહે છે. પરંતુ સાધકે કદી એવું ન માનવું કે એ બાધકરૂપ છે. સતત પુરુ-



ષાર્થ કરતા રહેવું. પરમાત્માના અસ્તિત્વમાં, એની કૃપામાં કદી શંકા ન કરવી. પ્રભુને માટે જે તલસે છે, તેને એ મળે છે જ. ભૂતકાળમાં તે અનેકને મળ્યા છે. આપણને ય તે મળશે જ, શું કરવા નહિ મળે ? એ વિધાનમાં શ્રદ્ધા રાખવી. કારણ કે માનવના શબ્દકોષમાં અસંભવ શબ્દ છે. પ્રભુના કોષમાં તે નથી. कर्तुंमकर्तुं शक्तः स एव ईश्वरः । ઈશ્વર સર્વ કાંઇ કરવા સમર્થ છે. એને માટે કશું અશક્ય નથી; એ વાતમાં અચળ વિશ્વાસ રાખવો.

પૂર્વજન્મના સંસ્કારો સારા છે જ, નહિ તો પ્રભુનું નામ લેવાનું પણ ના ગમે. એ ગમે છે, તે સારા સંસ્કારના પૂરાવારૂપ છે.

મારી શાંતિ અને વિનોદનું રહસ્ય ઈશ્વર એટલે કે સત્ય પરની મારી અચળ શ્રદ્ધામાં છે. હું કંઇ જ કરવાને સમર્થ નથી એનું મને ભાન છે. પરંતુ ઈશ્વર મારામાં વસે છે અને તે મારી પાસે સર્વ કંઇ કરાવે છે. પછી મારે દુઃખ કેવું ? વળી મારી પાસે તે જે કંઇ કરાવે છે તે મારા ભલાને માટે જ છે એ પણ હું જાણું છું. આ ભાનથી પણ મારે પ્રસન્ન રહેવું જોઇએ. ઈશ્વરે બાને ઉઠાવી લીધી તે બાના ભલા માટે તેથી બાના વિયોગથી મારે દુઃખી થવાનું ન હોય.

—ગાંધીજી

# સ્વ

ભાઈલાલભાઈ છાટબાર

'સ્વ'માં શાશ્વત દિવ્ય ચૈતન્યની પ્રગતિમૂલક અભિવ્યક્તિ રહેલી છે. 'સ્વ' માં અસીમ શક્તિ છે. મનપ્રદેશનું કોઈ એકાદ સત્તાવાહી બળ કે નીતિનિયમોનો કોઈ સિદ્ધાંત આ 'સ્વ' ની અપરિમિત શક્તિને બાંધી શકતો નથી.

'સ્વ' એ 'પરમ' નો અંશ છે. 'પરમ'ના જેટલી જ ક્ષમતા પૂર્ણવિકસિત 'સ્વ' ધારણ કરી શકે છે.

'સ્વ' મૃત્યુંજય, સર્વજ્ઞ અને સદાકાળ માટે સુખ–પ્રસન્નતાનો ભોક્તા છે. પરમાત્મા સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, પ્રેમસ્વરૂપ, અજરઅમર અને નિયંતા છે. તેવી જ રીતે પરમાત્માના અંશ સ્વરૂપ 'સ્વ' પણ સત્યપ્રેમી, પ્રબુદ્ધ, આનંદધર્મી, પ્રેમવાંછુ, સર્વજ્ઞ અને સર્વશક્તિસંપન્ન છે.

'સ્વ' નું સ્વરૂપ સર્વગ્રાહી, સર્વાંગ સંપૂર્ણ, પાંચેય જ્ઞાનેન્દ્રિયોના ક્ષેત્રથી પર, મનબુદ્ધિની પરિમિત શક્તિઓથી અગ્રાહ્ય એવું એક અતિ વિશાળ, વિરાટ, વૈભવયુક્ત અને ઐશ્વર્યવાન છે. તે સ્વરૂપ ચર્મચક્ષુથી અદૃશ્ય, અપાર્થિવ, માર્દવયુક્ત, ચેતનાસભર અને દિવ્ય છે. દેહ સાથે જોડાયેલ આ વિરાટ 'સ્વ' ના સ્વરૂપને પિછાનવા માટે પાંચ ઇન્દ્રિયોથી પર કોઈ છઠ્ઠું જ્ઞાનલોચન જરૂરી બને છે.

ઇન્દ્રિઓ અને તેના સ્વામી મનની બાહ્ય વૃત્તિ–પ્રવૃત્તિ પ્રશાંત બની જાય ત્યારે મનનો ઇન્દ્રિયાતીત પ્રદેશમાં પ્રવેશ થતાં નવા દ્વાર ઉઘડી જાય; અને ત્યારે મનને માટે વિશ્વચેતનાને દ્વારે જઇને ઊભા રહેવાનું શક્ય બને છે. મનને



વિશુદ્ધ અને વિકસિત થઈ વિશ્વચેતનામય થવાનું છે. આવું મન વિશ્વચેતનામય થતાં આ વિરાટ 'સ્વ' ના સ્વરૂપનાં દર્શન થાય છે.

'સ્વ' ને, સ્વયં ચિત્‌સ્વરૂપ એટલેકે જ્ઞાનસ્વરૂપ છે, એવું દર્શન લાધતાં જ્ઞાનની ઉપલબ્ધિ થાય છે. આવો પ્રબુદ્ધ 'સ્વ' અજ્ઞ રહેતો નથી અને અન્યને અજ્ઞ રહેવા દેતો નથી.

આનંદધર્મી 'સ્વ' આનંદસ્વરૂપને પણ પામે છે. તે કોઈપણ કારણે ક્યારે ય ક્યાંયે પણ દુઃખનો અનુભવ કરતો નથી; કેમકે આત્મચેતનાના અસીમ વિસ્તરણમાં ક્યાંય દુઃખ, સંતાપ, ઉદ્વેગ કે શોકની છાયામાત્ર પણ રહેતી નથી. આનંદપ્રાપ્ત 'સ્વ' સર્વદા સર્વત્ર સર્વ પ્રકારે સર્વ પરિસ્થિતિમાં સુખનો અનુભવ કરે છે અને અન્યને સુખનો અનુભવ કરાવતો રહે છે.

આ સુખ જેટલું નિત્ય, અનાયાસે પ્રાપ્ત, અન્યના ભોગે નહિ મેળવેલું, અન્ય પર આધાર વગરનું અને વ્યાપક હોય છે, તેટલા પ્રમાણમાં તે સુખ શ્રેષ્ઠ બને છે.

સુખ અને સુખપ્રાપ્તિનાં સાધનોને જેટલા પ્રમાણમાં અંતરતમમાં બિરાજેલ અંતરાત્મા સાથે નિકટતા હોય છે તેટલા પ્રમાણમાં તે સુખની સ્થિરતા અને સૂક્ષ્મતા વધારે હોય છે.

'સ્વ' નો સર્વાત્મભાવમાં પ્રવેશ થાય છે એટલે અજ્ઞાનમૂલક ભેદભાવ દૃષ્ટિનું નિરસન થઇ જાય છે. 'સ્વ' સર્વત્ર પ્રેમભાવ, આત્મીયતા અને આત્મરૂપતા અનુભવે છે. સહુના અંતરતમમાં નિવાસ કરી રહેલ 'આત્મદેવ' પરમાત્મતત્ત્વ એક જ છે, એવી અનુભૂતિ સાથે પછી સર્વ વહેવારો થાય છે.

જીવત્વ સાથે જોડાયેલો પરંતુ ઉર્ધ્વગામી 'સ્વ' ક્રમે ક્રમે પોતાના મૂળ સ્વરૂપ શિવત્વમાં પ્રવેશ કરે છે. 'સ્વ' ને નિજના ગૌરવનું વિસ્મરણ થવાથી તે પરમાત્મપદથી ચ્યૂત થાય છે. આવી ભ્રાન્તિમૂલક અવસ્થામાંથી 'સ્વ' મુક્ત થતાં તે પરમાત્મપદનું ગૌરવ પામે છે. તે પરમ પદે આસન્ન થતાં 'સ્વ' ખુદ ઐશ્વર્ય, યશ, શ્રી, જ્ઞાન ચૈતન્યરૂપ અખંડ સત્તા–નિત્યસિદ્ધ સત્તાથી વિભૂષિત થાય છે.

'સ્વ' તેની અજ્ઞતામાં મનુષ્ય છે-પ્રબુદ્ધ અવસ્થામાં પરમાત્મા છે.

સીધો રસ્તો જેવો સરળ છે તેવો જ કઠણ છે. એમ ન હોત તો સૌ સીધો રસ્તો જ લેત.

IS:10001

ઓ. ૨૫૯૧૭
ફે. ૩૩૬૬૦
ઘ. ૨૮૨૧૪

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૨



# શુદ્ધ વિચારોનું સામર્થ્ય

બાબુભાઈ વોરા

સુખ મેળવવાનો ઉપાય જ્ઞાન છે. શાસ્ત્રો અને સંતપુરુષો એક જ અવાજે કહે છે, અને જનસમુદાય તે વાતને સ્વીકારે પણ છે પરંતુ અખંડ સુખ આપનાર જ્ઞાન કયા ઉપાયે, શું કરે, કયાં ગયે મળતું હશે તે વિષે અસંખ્ય મનુષ્યો ભારે મૂંઝવણ અનુભવે છે.

સાધકો ઘડીકમાં ગ્રંથો વાંચે છે, ઘડીકમાં જુદા જુદા સંતપુરુષોને પૂછે છે, ઘડીકમાં કથાઓ અને વ્યાખ્યાનોનો આધાર લે છે, ઘડીક જપ કરે છે, ઘડીકમાં ધારણા–ધ્યાન કરે છે, ઘડીકમાં પ્રાણાયામ, ઘડીકમાં નિર્ગુણ ધ્યાન, ઘડીકમાં મૂર્તિપૂજા, એમ અસ્થિર ચિત્તે જુદા જુદા ઉપાયો કરે છે. જ્ઞાનની ઇચ્છા તો ઘણી થાય છે પણ કયી સાચી દિશા લેવી તેનું સ્પષ્ટ જ્ઞાન થતું નથી.

સુખ–દુ:ખનો ખરો હેતુ મનુષ્યનું મન જ છે. તમારા મનની પ્રાપ્ત સ્થિતિને અર્થાત્ તમારા વિચારો અને નિશ્ચયોને ફેરવવાની જરૂર છે. તમારામાં ઘર કરી ગયેલા નિશ્ચયો ભૂલી જઈ, બાળક જેવા–અંતઃકરણવાળા થવાની આવશ્યકતા છે, અને વિરોધી તર્ક કર્યા વગર સ્વીકારી લેવાની શરતે પ્રવર્તમાન થવું તે જ યોગ્ય છે.

"પરમાત્મા એક છે. તે સર્વભૂતોમાં ગુપ્ત રહે છે અને સર્વસ્થળે વ્યાપી રહેલ છે અને ઉત્પન્ન થયેલી સર્વ વસ્તુના અંતર આત્મા છે."

તે ઉપરાંત—

"તે સાક્ષી, ચૈતન્ય સ્વરૂપ, કેવળ તથા નિર્ગુણ કહી વર્ણવાય છે."

"પરમાત્મા તે આપણા ચર્મચક્ષુએ ન જણાય તેવી તથા સ્પર્શ ન કરી શકાય તેવી સર્વવ્યાપી ચૈતન્યમય સત્ય વસ્તુ છે, તે પૂર્ણ, પ્રેમમય, પૂર્ણ જ્ઞાનમય અનંત સામર્થ્યમય છે."

પરમાત્મા ચૈતન્ય સ્વરૂપ છે જે આ ચર્મચક્ષુ વડે જોઈ શકાતા નથી પણ જ્યારે માયા એટલે જડ વસ્તુના સંબંધમાં આવે છે ત્યારે આપણે જોઈ શકીએ છીએ અને ઇન્દ્રિયો વડે અનુભવી શકાય છે. કૃષ્ણ, રામ, બુદ્ધ, ચૈતન્ય, મહમદ, ઇશુ-ઈશ્વર અવતાર શાથી મનાયા કારણકે પરમાત્માનો અનુભવ થાય તેવી યોગ્યતાવાળા હતા. પરમાત્મા પ્રેમસ્વરૂપ છે અને અસ્તિ ભાતિ અને પ્રિય તેવા લક્ષણવાળા છે. પ્રત્યેક ચરાચર પ્રાણી પદાર્થોનાં અસ્તિત્વમાં પરમાત્મા કારણ છે એટલું જ નહિ પણ જ્યાં સુધી પદાર્થ અસ્તિત્વમાં રહે છે ત્યાં સુધી પરમાત્મા અણુ આણુમાં વ્યાપ્ત છે.

સ્થૂળ રીતે જોઇએ તો મનુષ્ય ચૈતન્ય, મન, શરીર એ ત્રણ વસ્તુનો બનેલો છે. મન એ મનુષ્યનું બીજું અંગ છે અને અજ્ઞાનના કાર્યોથી ગુંચાયેલું છે. શરીર તે બીજું અંગ છે અને બાહ્ય દૃષ્ટિએ દેખાય છે અને સ્પર્શેન્દ્રિથી સ્પર્શ કરી શકાય તેવું છે તથા સ્થૂળ છે.

પ્રાણી-પદાર્થો દૃષ્ટિમાં આવે છે તે પરમાત્માથી અભિન્ન છે એટલે નિરાકાર પરમાત્મા સાકારરૂપે પ્રતીત થાય છે. આત્મા એ મનુષ્યનું વાસ્તવિક "હું" છે. "હું" વસ્તુતઃ



શરીર અથવા મન નથી, પણ આત્મા છે. મનુષ્યનું "હું" ન્હોતું તેમ નથી, ભવિષ્યમાં નહીં હોય તેમ નથી. એક શરીર મૂકીને બીજું શરીર બદલીએ છીએ પણ "હું" બદલાતું નથી. આપણું મન આપણા વાસ્તવિક "હું" ને આચ્છાદિત કરીને રહ્યું છે. મન તે આત્માને ઢાંકનાર કોષ છે અને શરીર એ મન તથા આત્મા ઉભયને આચ્છાદન કરે છે.

મન પાંચ જ્ઞાનેન્દ્રિયો વડે બાહ્ય જગતના વિવિધ પદાર્થોનું જ્ઞાન મેળવે છે, પણ આ જ્ઞાન યથાર્થ હોતું નથી, કોઈવાર અસત્ય અને ભ્રાંતિમય હોય છે. અતીન્દ્રિય એટલે ઇન્દ્રિયો વગર થતું જ્ઞાન સત્ય છે. ઇન્દ્રિયજન્ય જ્ઞાન દુઃખ આપે છે. જ્યારે અતીન્દ્રિય જ્ઞાન વિવિધ દુઃખોથી મુક્ત કરે છે.

ઇન્દ્રિયો જ્યારે પોતપોતાના વિષયમાં વેગથી ધાવન કરે છે ત્યારે આસક્તિ હોય છે અને ત્યાંસુધી અતીન્દ્રિય જ્ઞાન થતું નથી. ઇન્દ્રિયો વિષયનો સંબંધ છોડે છે અને જે બળવડે તેમને વિષયો સાથે સંબંધ કરવાનું સામર્થ્ય મળે છે, તે બળ આત્માને જાણવા માટે પાછુ વળી અંતરમાં એકાગ્ર થાય છે; ત્યારે અતીન્દ્રિય જ્ઞાનને મનમાં પ્રગટવાની અનુકૂળતા થાય છે. ઇન્દ્રિયોના વ્યાપારનો નિરોધ એ અતીન્દ્રિય જ્ઞાનનું સાધન છે.

પરમાત્મા જ્ઞાન-સ્વરૂપ છે અને તેને આપણા આત્મા સાથે અખંડ સંબંધ છે, તેથી યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છનારાઓએ ઇન્દ્રિયો દ્વારા મનનો અને વિષયોનો સંબંધ ન સેવતાં મન અને આત્માનો સંબંધ સેવવો, એ જ યોગ્ય છે. યથાર્થ જ્ઞાન થવામાં વિષયો પ્રતિ વિરાગ તે પ્રથમ અને

અનિવાર્ય સાધન છે. વિચારથી આ વિષય ન સમજાય તો વ્યાકુળ ન થવું, તર્ક કરીને અગર ચર્ચા કરીને સમજવાનો પ્રયત્ન ન કરવો અને શ્રદ્ધા માની કર્તવ્યમાં જોડાવું.

જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરનાર સાધકો બે પ્રકારના હોય છે. પોતાની બુદ્ધિમાં ઉતરે નહીં તે આપ્ત પુરુષ કહે તો પણ સ્વીકારવા તૈયાર નથી. બીજા પ્રકારના મનુષ્યો બાળકના જેવા અંતઃકરણવાળા આપ્તજનોના વચનો યથાર્થ માને છે. આધ્યાત્મિક વિષયો સ્વયં-વેદ્ય છે અને ખાતરી થયા પછી પ્રયત્ન કરવાની જરૂર રહેતી નથી. શ્રુતિ કહે છે કે આ આત્મા તર્કથી કે વાદવિવાદથી સમજાતો નથી, પણ આત્માનો જેના ઉપર અનુગ્રહ થાય તેના જ અંતઃકરણમાં તે પોતાનો પ્રકાશ કરે છે.

આત્માનો અનુગ્રહ પ્રાપ્ત કરવા, આત્માવલંબી થાઓ, આત્મામાં જ શ્રદ્ધા રાખો, આત્માનો આશ્રય લ્યો, વિષયોની આસક્તિ ત્યજી આત્માનું ચિંતન કરો. તમારી યથાર્થ ભક્તિ થતાં તેનો પ્રકાશ થશે. પોતાના આત્મા સાથે સંબંધવાળા થવું એ જ જ્ઞાન પ્રાપ્ત કરવાનો ટૂંકો માર્ગ છે. વધારે પુસ્તકો વાંચવાનું છોડી દો, અધિક મનન કરો અને એકાન્તમાં પોતાના આત્મા સાથે સંબંધવાળા થઈને સત્યના પ્રકાશને જુઓ.

ગગનમાં ઉડતા પક્ષીની દશે દિશાએ જેમ હવા છે અને સમુદ્રમાં જેમ બધી બાજુએ જળ છે, તેમ પરમેશ્વર સર્વવ્યાપક હોવાથી મારી સર્વે દિશામાં તે જ છે. હું પરમાત્મામાંજ હરુ છું, ફરું છું અને મારો સર્વ વ્યવહાર કરું છું. પરમેશ્વર સુખસ્વરૂપ છે અને મારી દશે દિશામાં વ્યાપી રહેલા હોવાથી હું સુખના મહાસાગરમાં અખંડ રહું છું.



પરમેશ્વર ચૈતન્ય સ્વરૂપ છે અને તેમનામાં જ રાતદિવસ રહેતો હોવાથી આરોગ્યમાં નિરંતર રહું છું. પરમેશ્વર અનંત ઐશ્વર્યમય છે અને તેથી મારી આજુબાજુ અનંત ઐશ્વર્ય જ વ્યાપી રહ્યું છે. સુખથી, આરોગ્યથી, ઐશ્વર્યથી, જ્ઞાનથી, સામર્થ્યથી મારે એક તસુના લાખમાં ભાગ જેટલું પણ અંતર નથી; કારણ કે પરમેશ્વર સર્વમય અને મારી અંદર અને બહાર વ્યાપી રહ્યો છે. આ વિચારનું થોડા માસ અખંડ ચિંતન કર્યા કરો અને આ સિવાય વિરોધી વિચારોને મનમાં પ્રવેશ ન આપો. અને તમારી શારીરિક, માનસિક, વ્યવહારિક અને પારમાર્થિક સ્થિતિ ઉપર તેની શી અસર થાય છે તે અવલોકો. તમને ખાતરી થશે કે **વિચાર કશું જ કરવા સમર્થ નથી.**

આ વિચારો ખરા માની તેના ભાવોમાં તમો સ્થિર થવા માંડો છો તો તમને વિલક્ષણ નિર્ભયતા ભાસવા માંડશે. તમારું હૃદય પણ કોઇ આવેગથી ફડક ફડક નહિ થાય અને તમારામાં આનંદ વ્યાપ્ત રહેશે. તમારી વિષયોમાંથી પ્રતિકૂળ વૃત્તિ છૂટી જશે અને ઉદ્વેગ, ચિંતા વિગેરે નાશ પામશે. તમારું અંતઃકરણ નિર્ભય, પ્રસન્ન અને પ્રશાંત રહેશે અને આથી તમારી રૂધિરની ગતિ ઉત્તમ પ્રકારે થશે.

ભ્રાંતિવાળા વિષયો છોડી દઇ શુદ્ધ વિચારો કરવા અને તેમાંજ પ્રયત્ન પૂર્વક રમ્યા કરવું તે જ અંતર આત્માનું પ્રવેશવાનું પહેલું પગથિયું છે. પોતાનામાં પણ અશુભ ન જોવું અને બાહ્યમાં પણ ન જોવું; પરંતુ અંતર અને બાહ્ય સુખને, શાંતિને, ઐશ્વર્યને અને આરોગ્યને અખંડ જોવાનો અભ્યાસ પાડતાં અસંખ્ય ભ્રાંતિઓ શમી જાય છે. આ વૃત્તિ જ એકાગ્રતાનું બીજ હોવાથી પરિણામે એકાગ્રતા વધતાં

પોતાના આત્મસ્વરૂપમાં લીન થાય છે. જાગૃત અવસ્થાના પ્રત્યેક વ્યવહારમાં, મનના પ્રત્યેક વિચારને, વાણીના પ્રત્યેક વ્યાપારને અને શરીરના પ્રત્યેક વિચાર અને વ્યાપારને તન્મય કરી દેવા તેનું નામ તત્ત્વાભ્યાસ છે.

પરમાત્મા નિરંતર કૃપાળુ છે. નિરંતર પ્રેમસ્વરૂપ છે, નિરંતર સર્વ કલ્યાણોના કદી નહીં ખૂટે તેવા ભંડાર છે અને તેમની કૃપાદૃષ્ટિ આપણા ઉપર વરસે છે. સાધક પરમાત્મા તરફ એક વેંત ધસે છે ત્યારે પરમાત્મા એક હાથ ધસે છે. આ વિધાનમાં વિશ્વાસ રાખવો, તેનું નામ શ્રદ્ધા છે, માણસની જેવી શ્રદ્ધા તેવો તે થાય છે.

જીવનમાં પ્રેમ ઉછેરવો છે કે ધૃણા, તે આપણા હાથની બાબત છે. આપણે આપણા જીવનને ઉદાસ, નિરાશામય, અંધારઘેરા અભિગમવાળું પણ બનાવી શકીએ અને એને બદલે ઉજ્જવળ, આશાપૂર્ણ આનંદજનક અભિગમવાળું પણ બનાવી શકીએ છીએ.

*

ક્ષણને સંભાળો, જીવન સચવાઇ જશે.

*

ભવિષ્યની ઉજ્વળ કે ઉજળી ક્ષણ માટે વર્તમાન ક્ષુલ્લક સુખો ઉપભોગ જતા કરે છે તેમનું ચિરત્ર મહાન ને સમર્થ બને છે.



## જીવન–પ્રસંગ

બહુમાળી ઇમારતમાં, જરૂર જયમ ઇંટ–પથ્થરની,
જીવન–ઘડતર મહીં તેમ, જરૂર વિવિધ પ્રસંગોની!
પ્રીછે જો હાર્દ–હેતુ તો, પ્રસંગ તેનો ગુરુ બનશે!
જીવનવિકાસને કાજે, નવો શો પાઠ શીખવશે!

*

## નિષ્કામ ભાવ

આશા–અપેક્ષા ના ચહે, ના લેશ પણ બદલો ચહે,
દીન–દુઃખીનાં દુઃખ હરવા. સર્વ ન્યોછાવર કરે!
પૂર્ણ પાવન પ્રેમ એવો, ભક્તિનું વરદાન છે!
નિષ્કામભાવી પ્રેમને પલ્લે ખડો ભગવાન!

*

## આન્તર્ ખોજ

ચિંતવન થકી ઊંડે ઊંડે—અંદર ઊંડે અવલોકજે!
સાવધપણે, સાક્ષીરૂપે વૃત્તિ–વલણ નિહાળજે!
આ રીતે, જો તું તને જાણીશ તો શુદ્ધિ થશે!
મનનું સ્વરૂપ સમજીશ તો, સંઘર્ષની શાન્તિ થશે!

— રતિલાલ ભાવસાર

# કૃતકૃત્યતા

પ્રા. સી. કે. શાહ

સંત મહાપુરુષો કેવી અગમ્ય રીતે ભાવિક ને શ્રદ્ધાળુ ભક્તોને મદદ કરે છે, તેની ઘટનાઓ આપણને ઘણીવાર વાંચવા મળે છે. મને તે વાંચતાં મનમાં થતું કે શું ખરેખર આવું બનતું હશે ! પરંતુ મારાજ જીવનમાં આવું બન્યું ત્યારે મને તેની પ્રતીતિ થઇ.

એક વહેલી સવારે મને પૂ. મા શ્રી સર્વેશ્વરીનું દર્શન થયું. તેઓ દર્શન આપી મને કહી રહ્યાં હતાં. "તમારી પત્નીના ઓપરેશન વખતે તમારે હોસ્પીટલમાં જવાનું નથી."

મેં સામે દલીલ કરતાં કહ્યું. "હં મા, એ કેવી રીતે ચાલે ? મારે તો જવું જ જોઇએ ને ! મારી પત્નીના ઓપરેશન વખતે હું જ હાજર ન હોઉં તો કેવું લાગે ? વળી છેલ્લી ઘડીએ ડોકટરની કોઇ સૂચના આવી પડે તો મારા વિના એનો અમલ કોણ કરે ?"

પરંતુ પૂ. માશ્રી સર્વેશ્વરીએ મક્કમતાપૂર્વક જવાબ આપ્યો, "મેં તમને કહ્યું ને કે તમારે તે વખતે ત્યાં હાજર રહેવાની કોઈ જરૂર નથી."

આમ મનોમન અમારી વાત થતી રહી. પછી દર્શન પૂરૂં થયું. પરંતુ જાગ્યા પછી મારા મનમાં વિમાસણ ચાલતી રહી કે મારે તે પ્રસંગે શું કરવું.

વાત એ હતી કે મારા પત્નીને આંખે ઝામરનું ઓપરેશન કરાવવાનું હતું.



તે પછી પૂ. માને રૂબરૂ મળી આ સ્વપ્નદર્શન અંગે માર્ગદર્શન મેળવવા ઘણીવાર પ્રયત્ન કર્યો, પરંતુ તે માટે કોઈ સુયોગ્ય પળ પ્રાપ્ત થઈ નહિ. એટલે વાત અધૂરી રહી ગઈ.

તે અરસામાં પૂ. મહાત્માજીનાં વ્યાખ્યાનો પાતંજલ યોગદર્શન ઉપર ચાલતાં. પૂ. શ્રીને તેડવા જવાનો અમૂલ્ય અવસર તેઓની જ કૃપાથી મને અને ડો. શ્રી ખત્રી સાહેબ-ને મળેલો. આથી પૂ. શ્રીનું સાન્નિધ્ય અને સંતમહાત્માઓ વિષે કેટલીક વાતો સાહજીક રીતે તેઓ પાસેથી સાંભળવા મળતી. એનાથી મને ખૂબ આનંદ થતો. જીવનમાં બીજા અવસરો તો ઘણા મળે, પરંતુ જેમણે પ્રત્યક્ષ ઈશ્વરદર્શન કર્યું હોય એવા સંતપુરુષના સ્વમુખે-પોતાના દિવ્ય અનુ-ભવોની વાત તો કોઈ ભાગ્યશાળીને જ સાંભળવા મળે. પ્રભુએ એમને એવું ભાગ્ય આપેલું. એની સમજ પણ આપેલી. એથી અમને ખૂબ કૃતકૃત્યતા લાગતી.

આ વ્યાખ્યાનોની હારમાળા ચાલતી હતી, ત્યાં અડધે જ મને ભૂજ જવાનો પત્ર મળ્યો. આથી હું વિમાસણમાં પડ્યો. શું કરવું તે નક્કી ન કરી શક્યો. આવો અમૂલ્ય લાભ જતો કરવાનું મન થતું ન હતું. તો બીજી તરફ મારાં પત્નીનું ઓપરેશન નક્કી થયેલું. આખરે મેં પૂ. શ્રીને મારી મૂંઝવણ કહી તેઓએ તુરત જ કહ્યું : "ભૂજ જાવ."

આખરે મેં ભૂજ જવા પ્રસ્થાન કર્યું. મારાં પત્નીના ઓપરેશનની તારીખ ૧૭–૧૦–૧૯૮૩ની નક્કી થઇ હતી.

પરંતુ ભૂજ પહોંચ્યા પછી પૂ. માશ્રી સર્વેશ્વરીના આદેશ પ્રમાણે મારે હોસ્પિટલમાં હાજર રહેવું કે કેમ–એની વિમા-

સણ ઊભી થઈ. થોડા મનોમંથન પછી મેં મનમાં નિશ્ચય કરી લીધો કે ઓપરેશન વખતે મારે હૉસ્પિટલમાં હાજર ન રહેવું; જેથી પૂ. માની આજ્ઞાનું પાલન થાય.

આથી ઓપરેશનના સમયે હું હૉસ્પિટલમાં ગયો જ નહિ. એક પ્રેસમાં મારે કામ હતું ત્યાં હું ટેબલ પર બેસી કામ કરતો રહ્યો. જો કે એક સ્વજનના નાતે મારું મન તો ઓપરેશન અંગેની ચિન્તા અનુભવતું હતું.

ઓપરેશનનો સમય સવારના સાતનો હતો. મારા એક પરિચિત વિદ્યાર્થીને મેં તે વખતે ત્યાં પહોંચી જવા જણાવેલ. ઓપરેશન સાડા આઠ વાગે પૂરું થયું. તે સંપૂર્ણ સફળ થયું છે, એમ ડૉકટરે તે વિદ્યાર્થીને જણાવ્યું. ને ઓપરેશન પછી લેવાની કાળજી અંગેની સૂચનાઓ આપી.

આ પછી મારા એક સહકાર્યકર પ્રેસમાં આવીને મને સમાચાર આપી ગયા કે મારા પત્નીનું ઓપરેશન સારી રીતે પત્યું છે અને ચિન્તાનું કોઈ કારણ નથી. એ સાંભળી મને ઘણી રાહત થઇ.

બીજા દિવસે સવારે હું હોસ્પીટલમાં ગયો, ત્યારે મારા મનમાં મૂંઝવણ હતી કે રખે મારા પત્ની પૂછે કે હું ગઈકાલે કેમ નો'તો આવ્યો. પરંતુ હું તેમની પાસે ગયો ત્યારે મારા આશ્ચર્ય વચ્ચે જોયું કે તેઓના મુખ ઉપર એકદમ આનંદ હતો. જેવો હું પાસે ગયો કે તેઓએ ધીમા સાદે મને કહ્યું : 'અરે ! તમને ખબર છે ગઈ કાલે જ્યારે મારું આંખનું ઓપરેશન થયું હતું ત્યારે પૂ. મહાત્માજી મારી પાસે જ ઊભા હતા અને ડૉકટરોને શસ્ત્રક્રિયા અંગે માર્ગદર્શન આપતા હતા. આ બધું હું જોઇ શકતી હતી. એટલે



મને ઓપરેશનનો જરાય ભય ન લાગ્યો."

એમની એ વાત સાંભળતાં જ હું ભાવવિભોર બની ગયો. મારી આંખમાં આંસુ ઊભરાઇ આવ્યાં. મને હવે સમજાયું કે પૂ. માએ મને ઓપરેશન વખતે હાજર નહિ રહેવા જણાવેલ, તેની પાછળનું રહસ્ય શું હતું. તે વખતે મારે હાજર રહેવાની પછી આવશ્યકતા જ કયાં હતી ! ખૂદ ગુરુદેવ પોતે જ જ્યારે પ્રત્યક્ષ પણે ત્યાં હાજર રહેવાના હશે તેની તો મને કલ્પનાય શી રીતે આવે !

તુરત જ મેં પૂ. શ્રી ને પૂ. માશ્રી સર્વેશ્વરીને ભાવવિભોર બનીને મનોમન વંદન કર્યાં. મારાં પત્ની અને મારે માટે જીવનની કૃતકૃત્યતાનો આ અનોખો પ્રસંગ બની ગયો.

---

(પાના ૪૮ નું અનુસંધાન)

ભીરુ પુરુષને શૂરાનો સ્વાંગ પહેરાવી તેને શસ્ત્રાસ્ત્રથી સજ્જ કરવાથી તેનામાં શૌર્ય ઉત્પન્ન થશે કે ભય ?

શૂરાને ભીરુનો સ્વાંગ પહેરાવી તેને નિઃશસ્ત્ર કરવાથી તેનામાં ભય ઉત્પન્ન થશે કે શૌર્ય ?

અધિકારનો સંબંધ વ્યક્તિત્વ સાથે છે. બાહ્ય ઉપકરણ કે પરિસ્થિતિ સાથે નહિ.

# ઉત્તરાધિકાર

—બ્રહ્મલીન યોગાચાર્ય સ્વામી શ્રી કૃપાલ્વાનંદજી
(કાયાવરોહણ)

રાજાને ત્યાં જન્મનારને રાજ અને રાજસુખ, શ્રીમંતને ત્યાં જન્મનારને ધન-વૈભવ અને સદ્ગુરુના કૃપાપાત્રને સંયમ, જ્ઞાન અને સાધનાનો આધ્યાત્મિક વારસો મળે છે.

જેમ આગગાડી, મોટર કે વિમાનમાં બેસનારને ચાલવું પડતું નથી; ઘરમાં પત્ની, પુત્રી, માતા, બહેન કે અન્ય કોઈ રાંધનારું હોય છે તો ભોજન તૈયાર જ મળે છે, બનાવવાની ખટપટ કરવી પડતી નથી. તેમ શ્રીગુરુચરણમાં સાચી પ્રીતિ કરનારને વિના આયાસે પુણ્યફલ પ્રાપ્ત થાય છે.

અસંખ્ય છિદ્રોવાળું પાત્ર જલાશયનું જલ એક સ્થાનેથી બીજે સ્થાને લઇ જઇ શકતું નથી.

છેદ પાત્રની અપાત્રતા અને નિચ્છેદ પાત્રની સુપાત્રતા છે.

સત્ત્વ ગુણપ્રધાન મનુષ્યો જ જ્ઞાન, યોગ કે ભક્તિના અધિકારી છે.

હા, તેઓ ક્યારેક રજોગુણ કે તમોગુણના પ્રવાહમાં તણાય છે ખરા, પરંતુ વહેલા મોડા સત્ત્વગુણના પ્રવાહને પ્રાપ્ત કર્યા વિના રહેતા નથી.

રજોગુણ અને તમોગુણ પ્રધાન મનુષ્યો અજ્ઞાન, ભોગ કે દ્વેષના અધિકારી છે.

હા, તેઓ ક્યારેક સત્ત્વગુણના પ્રવાહમાં તણાય છે ખરા, પરંતુ તરત જ પોતપોતાના પ્રવાહોને પકડી લે છે.

( અનુસંધાન પાના ૪૭ ઉપર )



## અસલ નભ

હવે આ પશ્ચિમે સૂરજ ઢળતો, ફૂલ ખરતાં,
દિનાન્તે ક્લાન્તિથી શિથિલખગ શું નીડ પળતાં!
પ્હણે આકાશેથી તિમિર ઉતરે, તેજ સરતાં,
બધી સૃષ્ટિ જાણે ઘનવસન આચ્છાદિત થતાં!

તમિસ્રેથી ઘેરા ગગન મહીં શું તારક તગે!
અને ધીરે ધીરે નભસરવિષે હંસ ઊતરે.
બજે સુ-સંવાદી વિયત-બીન અદૃષ્ટ નખથી,
ધરા-આભે કોની વિરલ પડતી ભવ્ય પગલી!

નીમિલાતાં નેત્રો, સૂરજ ઢળતાં રોશન કરે
બહિરાંતર લીલા સહજ, શિવ શું જીવ જ ભળે!
ત્યહીં તેજાબ્ધિમાં ધવલ તરતા હંસ નિરખું,
ઊરે ઊંડે ઊંડે નવલ-વસને હર્ષ, પરખું,

ભલે ભાળે એની નિયતિ રવિ, છો પશ્ચિમ ઢળે,
મળે જો પોતાનું અસલ નભ, આભા શું નિખરે!

ડૉ. રણજીત પટેલ
(अनामी)

# અનોખું લીલાદર્શન

ગોરધનભાઈ કલોલા

## કામારપુકુરથી જયરામવાટી

આ જગન્નાથપુરીની યાત્રા એટલા માટે અવિસ્મરણીય બની ગઇ કે તેમાં પૂ. માના આધ્યાત્મિક જીવનના વિવિધ પાસાંઓનું સમ્યક્ દર્શન થયું. પૂ. માનું જીવન આધ્યાત્મિક ઇતિહાસમાં ઉન્નતિના અવનવાં શિખરોનું જાણે સર્જન કરી રહ્યું છે. આધ્યાત્મિક જગતમાં તપસ્વી જીવનના જાણે નવા નવા સીમાચિહ્નનું સર્જન થઈ રહ્યું છે ! 'અધ્યાત્મ'ના આ પૃષ્ઠો પર પૂ. માને આપણે જીવન વિકાસના નવા નવા સોપાનો સર કરતાં જોઈ રહ્યા છીએ.

સંતપુરુષોના દિવ્ય સાન્નિધ્યમાં સર્જાતા લીલાપ્રસંગો પ્રભુ પંથે ચાલતા પથિકને શ્રદ્ધા-ભક્તિનું ભાથું ભરી આપે છે. નવા ઉત્સાહ અને ઉમંગને મનમાં ભરી મંજિલ તરફ મક્કમ ડગલાં ભરવા માંડે છે. આપણે પણ પૂ. માની અનેરી જીવન-લીલાનાં દર્શન કરી ચાલોને મંજિલ તરફ મક્કમતાથી પગલાં પાડીએ ! ગત હપ્તામાં આપણે વિરલ સંકીર્તન યાત્રાની અનેરી મસ્તી માણી. આજની કામારપુકુરથી જયરામવાટીની વળતી યાત્રામાં પ્રભુપ્રેમની પાગલતાના પરાકાષ્ટાના દશ્યોનું વિરલ દર્શન કરીએ.

ઠાકુરની લીલાભૂમિનાં દર્શન કરી અમે મા શારદાની પ્રાકટ્ય ભૂમિ તરફ પ્રયાણ કરીએ છીએ. કામારપુકુરની બહાર નીકળતાં જ પૂ. મા અમને ઠાકુર અને મા શારદાની સ્મૃતિ-રૂપ બંધાયેલી એક સંસ્થામાં દોરી જાય છે. સંસ્થાના પ્રાંગણમાં જ રામકૃષ્ણદેવ અને મા શારદાની મૂર્તિઓનાં દર્શન થાય છે. પૂ. મા યાત્રીઓ સાથે એ મૂર્તિઓ પાસે



ઊભાં છે. પૂ. મા અહીં સૌને ખોબો ભરી ભરીને ધાણીનો પ્રસાદ આપે છે. સૌ યાત્રિકોના ખોબા ધાણીના પ્રસાદથી ભરેલા છે. સૌ થોડા મૂંઝાય છે કે આમ પ્રસાદ કેવી રીતે ખાવો, એટલે પૂ. મા તરત જ કહે છે કે ખોબાઓને મોઢા પાસે લઇને ખાવા માંડો. જ્યાં સૌ પ્રસાદ આરોગે છે ત્યાં જ અચાનક જોરદાર વરસાદ તૂટી પડે છે, સૌ ક્યાંય પણ આશ્રય શોધવા નજર દોડાવે છે કેટલાક યાત્રિકો દોડીને બાજુમાં આવેલા મકાનમાં દોડી જાય છે પરંતુ પૂ. મા તો વરસતા વરસાદમાં ત્યાં જ ઊભાં છે. ક્યાંય બીજે સ્થળે જવાનો પ્રયત્ન બિલકુલ કરતાં નથી. વરસતા વરસાદમાં એટલાં જ શાંત, સ્થિર અને પ્રસન્ન છે.

કલ્પુબેન છત્રી ખોલવાનો પ્રયત્ન કરે છે, પરંતુ પૂ. મા તેમ કરવાની ના કહે છે. પૂ. માના જીવનમાં બનતા નાના નાના પ્રસંગો પણ કેટલા પ્રેરણાદાયી બની રહે છે ! આપણે જાગૃત રહીએ તો નિત નવા પદાર્થપાઠ પૂ. માના સમ્યક્ વર્તનમાંથી શીખી શકીએ. પૂ. મા જીવનમાં આવતા સંજોગો કે પરિસ્થિતિને સહજપણે સ્વીકારી લેતાં હોય છે. સંજોગો વિપરીત થાય તો પણ પૂ. મા સ્વસ્થ જ રહે છે. વરસાદ આવતાં અમે સૌ વિખરાઈ ગયા, દોડીને મકાનના આશ્રયે પહોંચી ગયા. પરંતુ પૂ. મા કોઇ છટકબારી શોધતાં નથી, મૂંઝાઇને, ગભરાઇને દોડાદોડ કરતાં નથી. પરિસ્થિતિનો કેવો સહજ સ્વીકાર ! કોઈ વિષાદ નહીં, ફરિયાદ નહીં, હો હા નહીં, જાણે કંઈ બન્યું જ નથી. એ જ શાંતિ. એ જ સ્વસ્થતા. એ જ પ્રસન્નતા વચ્ચે વરસતા વરસાદમાં પણ પૂ. મા હળવી રમુજોથી આનંદનું વાતાવરણ સર્જી રહ્યાં છે. સમ્યકતા પૂ. માના અણુએઅણુમાં કેવી વણાઈ ગઇ છે ! પ્રસંગો નાના પરંતુ પદાર્થપાઠ કેટલો મહાન !

પૂ. મા સહિત અમારા સૌના કપડાં પાણીથી નિતરી રહ્યાં છે. આ ભીનાં કપડે જ અમારી વળતી યાત્રા શરૂ થાય છે. રામકૃષ્ણદેવે જાણે કૃપાવર્ષા કરી અમારા વિકારો ધોઈ નાખ્યા છે. સર્વત્ર આનંદ આનંદ થઇ રહ્યો છે. પૂ. મા ઝડપથી ચાલતાં ચાલતાં દોડવા લાગ્યાં છે. અંતરનો આનંદ, ઠાકુર પ્રત્યેનો અહોભાવ બુલંદ અવાજે પૂ. મા વહેવડાવવા લાગ્યાં છેઃ–

ધન્ય ધન્ય રામકૃષ્ણપ્રભુ
કાર્ય અમારું સફળ કર્યું.

પૂ. માના અંતરમાંથી વહેતી પ્રભુપ્રેમની દિવ્યતા અલૌકિક પાગલતામાં જાણે પલ્ટાઇ જાય છે. દિવ્યતાને વહન કરતું એ સૂકલકડી શરીર દોડવા લાગે છે. મુખમાં રામકૃષ્ણદેવનું કીર્તન ચાલે છે અને નાચતાં કૂદતાં પૂ. મા રસ્તાપર દોડી રહ્યાં છે. સૌ યાત્રિકો પણ ધૂન ઝીલતા ઝીલતા સાથે દોડી રહ્યા છે. મોટી ઉંમરના યાત્રિકો પાછળ પડી ગયા છે. પરંતુ મા આજે કોઇની દયા ખાતાં નથી. એકાદ બે યાત્રિકો તો ભીના થયેલા રસ્તાપર પડી જાય છે. અનેરી ધૂન સૌ પર સવાર થઈ ગઈ છે. નાચતી, કૂદતી, ગાતી એ ભજન મંડળી જાણે એક અલૌકિક દૃશ્યનું સર્જન કરી રહી છે. પૂ. માનો પ્રચંડ અવાજ સૌના અવાજને પાર કરતો સંભળાય છે. બંગાળની ભૂમિ ચૈતન્ય મહાપ્રભુની સંકીર્તન મસ્તી જાણે બીજીવાર માણી રહી છે.

પૂ. માને સંકલ્પસિદ્ધિ વરેલી છે તેનાં અનેક ઉદાહરણો જોવા મળ્યાં છે. મનમાં જે સંકલ્પ ઊઠે તે ફળીભૂત થાય છે. અહીં એક નાના પરંતુ સચોટ પ્રસંગનું દર્શન કરીએ. પૂ. મા ઝડપથી ચાલતાં દોડતાં રહ્યાં છે, વસ્ત્રોમાંથી હજુ પણ પાણી ટપકી રહ્યું છે રસ્તાઓ પણ વરસાદથી પાણીવાળા



થયેલા છે. પૂ. માએ પગમાં સ્લીપર પહેરેલાં છે તેથી પાણીમાં ચાલવાનું થવાથી ચારેતરફ પાણીના છાંટાં ઉડી રહ્યા છે. ચાલવાનું બરાબર ફાવતું નથી. તેથી ખુલ્લા પગે ચાલવાનો નિશ્ચય કરે છે. પૂ. માના શ્રીચરણોમાં ઊંડી શ્રદ્ધાભક્તિ ધરાવતા અમારામાંના એક યાત્રિક શ્રી વિજયભાઇ પુરોહિત-ના મનમાં પુ. માના સંકલ્પનો પ્રતિઘોષ પાડતો ભાવ ઊઠે છે. તેઓ ઝડપથી પૂ. મા આગળ જઇ પ્રણામ કરી વિનંતિ કરતા કહે છે કે મા, આપની ચરણપાદુકાને ધારણ કરવાની સેવા મને આપો. વિજયભાઈની પ્રાર્થનાનો વિના વિલંબે સ્વીકાર થયો. વિજયભાઇ એ ચરણપાદુકાને છાતીસરખી લગાવી આનંદવિભોર બની નાચવા કૂદવા લાગ્યા. સંકલ્પનો કેવો સચોટ પ્રતિઘોષ!

પદયાત્રા જેમ જેમ આગળ ચાલતી જાય છે તેમ તેમ અમારું ભાવજગત વિસ્તરતુ જાય છે. આસપાસના સ્થળ-કાળનું કોઈને ભાન રહ્યું નથી. પૂ. માના દિવ્ય સાન્નિધ્યે એવી મસ્તી જગાડી છે કે એ ભાવોને કેમ શબ્દદેહ આપવો તે સમજાતુ નથી. આજે અમને કોઈ ઢોલક કે વાજિંત્રની જરૂર પડી નથી. તાલ એક તાલીનો ને પ્રભુપ્રેમનો લાગી ગયો છે. આકાશને ભરી દેતો પૂ. માનો બુલંદ અવાજ...

"દર્શન દે, દર્શન દે, દર્શન દે...

મારા વ્હાલા પ્રભુજી દર્શન દઇ દે." અમને સૌને પાગલ બનાવી રહ્યો છે. હવે અમને સમજાયું કે ગુરુદેવ પ્રભુએ પોતાનું ઉપનામ 'પાગલ' શા માટે રાખ્યુ હશે. એ દિવ્ય પાગલપનમાં એમણે પ્રભુ સાથે કેવો એકાત્મભાવ કે સમરસતા માણી હશે! આજે પૂ. માએ અમને એ દિવ્યમંગલભાવની મસ્તીનો રસાસ્વાદ ચખાડ્યો હતો. પૂ. માની અહૈતુકી કૃપા વિના એ શકય ન હતું. વચ્ચે વચ્ચે

અમે પૂ. મા સાથે ગોળગોળ ઘૂમતા ઘૂમતા ગરબાઓ ગાઈ રહ્યા છીએ. જાણે રાસલીલાનો આનંદ અમને સહજ મળી ગયો છે.

પૂ. રામકૃષ્ણદેવનો મહાભાવ કે ચૈતન્ય મહાપ્રભુની સંકીર્તન મસ્તી અમારા માટે સાક્ષાત્ બની ગઈ. અત્યાર સુધી ગ્રંથોનાં પૃષ્ઠો પર વહેતી એ ઈશ્વરી મહાભાવની સરિતાના અમે અમારા ચર્મચક્ષુઓથી દર્શન પામ્યા. પ્રભુપ્રેમની પાવન પ્રેમગંગામાં પૂ. મા જાણે પીગળી ગયાં, એકાકાર બની ગયાં. પૂ. માના કોમળ ચરણકમળો ખુલ્લા જ છે. દિવ્યભાવમાં પૂ. મા ક્યાં ચાલી રહ્યાં છે તેનું તેમને ભાન રહ્યું નથી. ખૂલ્લા પગમાં કાંટા વાગ્યા છે, સીધા રસ્તે ચાલવાની સ્થિરતા પણ રહી નથી. ક્યારેક ક્યારેક રસ્તાથી બાજુપર ચાલી જવાય. પૂ. મા હજુ પણ દોડતાં ચાલી રહ્યાં છે. પૂ. માના શ્રીવિગ્રહમાંથી પ્રગટતી દિવ્ય શક્તિનું પ્રાગટ્ય યાત્રિકો માણી રહ્યાં છે. સૌના જીવનનો આ અકલ્પ્ય લ્હાવો હતો. અમારી સૌની આસપાસ દિવ્યતાનું ધુમ્મસ છવાઇ ગયું છે. અમારી સૃષ્ટિ જ જાણે બદલાઈ ગઈ છે. અમે પૂ. મામય બની ગયા છીએ અને પૂ. મા પ્રભુમય બની ગયાં છે.

પૂ. મા સાથે દિવ્યતાની સૃષ્ટિમાં મ્હાલતા મ્હાલતા અમે સૌ જાણે ભાવ સમાધિમાં સરી પડ્યા છીએ અમારી સંકીર્તન મંડળી ભાવસૃષ્ટિનો આનંદ લૂંટતી નાચતી કૂદતી અવનવા ભાવ દૃશ્યોનું સર્જન કરે છે. એ ભાવાવેશમાં જ પૂ. માના કંઠમાંથી

'રામ રાઘવ રક્ષ મામ્
કૃષ્ણ કેશવ પાહિ મામ્'

—ની ધૂન વહેતી થાય છે. અમારી ભાવ સરિતા જાણે બે કાંઠે વહેવા લાગે છે. પૂ. માએ કૃપા કરી અમને અનેરી લીલાસૃષ્ટિનાં



દર્શન કરાવ્યાં છે. પૂ. મા એટલા પ્રચંડ સાદે ધૂન ગવડાવી રહ્યાં છે કે અમારા સૌના અવાજમાં પણ એટલી શક્તિ પ્રગટ થતી નથી. એ વખતનું દૃશ્ય માણવા જેવું છે. પૂ. મા ઝડપથી ચાલતાં ચાલતાં દોડી રહ્યાં છે. અંતરમાંથી ઉઠતો પ્રભુપ્રેમનો પોકાર પ્રચંડ અવાજ દ્વારા પ્રભુપ્રેમની તીવ્ર લગનની છડી પોકારી રહ્યો છે. બે હાથો દ્વારા પ્રભુપ્રેમની પાગલતા જુસ્સો પ્રગટ થઈ રહ્યો છે. પૂ. મા વારંવાર હાથ ઉંચા કરી અમારી અજાગૃત ચેતનાસૃષ્ટિમાં પ્રાણ ફૂંકી રહ્યાં છે. આંખો બંધ છે. દિવ્ય લોચન ઉઘડ્યાં છે.

પૂ. માનું રોમેરોમ પોકારી રહ્યું છે "રામરાઘવ રક્ષમામ્ કૃષ્ણ કેશવ પાહીમામ્" ઈશ્વરી અનુરાગની તન્મયતા મૂર્તિમંત બની ગઈ. પૂ. માના અંતરાત્મામાંથી ઉઠતા દિવ્ય સંદેશાઓ અમારું અંતર ઝીલી રહ્યું છે. "પ્રભુને કેવા અગાધ પ્રેમથી પોકારવો જોઈએ? પરમાત્માને રોમેરોમમાંથી પ્રેમાંજલિઓનો અર્ઘ્ય કેમ અપાય? શરીરના અણુએઅણુમાંથી અનુરાગનો અર્ણવ કેવી રીતે ઉછળે?

પૂ. માએ કૃપા કરી લીલાપ્રસંગોનું સર્જન કરી પ્રભુદર્શન માટે કેવી ઉત્કટતા, ઉત્સાહ ને ઉમંગની ભાગીરથી વહાવવી જોઈએ તેનું દર્શન કરાવ્યું. પ્રભુપ્રેમની ધસમસતી પ્રેમગંગાનું જે તાદૃશ્ય દર્શન અમે માણ્યું તેને કલમ બિચારી કેટલું વર્ણવી શકે! ગમે તેટલું કે ગમે તેવા શબ્દોથી લખાય તો પણ આ લીલાપ્રસંગોને યોગ્ય ન્યાય આપી શકાય તેમ નથી. તેમ છતાં અનેક સાધકોએ પોતાના ચર્મચક્ષુઓથી જે દર્શન કર્યું છે તેને ત્રણેય કાળમાં અસત્ય ઠરાવી શકાય તેમ નથી.

પૂ. માના શ્રીવિગ્રહમાંથી જે સામર્થ્ય પ્રગટ્યું છે તેને પરમાત્મા પ્રેમીઓની રહસ્યમય લીલા સાથે સરખાવ્યા વિના

સંતોષ વળે તેમ નથી. આજે તા. ૧૫-૭-૮૨ના રોજ પૂ. માએ કેવળ પાણી ઉપરના ૪૮૦ દિવસના ઉપવાસો થયા છે. તે હાડકાના માળખા જેવા શરીરમાંથી અપ્રતિમ સામર્થ્ય પ્રગટયું છે. આ પહેલાં પણ અનેક પ્રસંગોએ આ દિવ્ય સામર્થ્યનું દર્શન થયું છે. પૂ. માએ કેટલો શારીરિક પરિશ્રમ કર્યો છે તેનો અંદાજ પણ જોઈ લઈએ. કલકતાથી તા. ૧૪-૭ના રોજ સવારથી અમારી યાત્રા શરૂ થાય છે. અમારી યાત્રા એટલે લકઝરીબસોની સીટપર આરામથી સૂઈ રહી આંખો મીચીને પડી રહેવાનું નથી. બસ કે ટ્રેઇનની મુસાફરી દરમ્યાન અમે સંકીર્તન કરતા નાચતા કૂદતા રહેતા. તે જ દિવસે બપોરે અસહ્ય ગરમીમાં પાંચેક કિલોમીટર ચાલીને તારકેશ્વર મહાદેવનાં અસહ્ય ભીડ વચ્ચે દર્શન કર્યાં. તારકેશ્વરથી સતતધૂન મચાવતા સાંજે જયરામવાટી પહોચ્યા. જયરામવાટીમાં રાતના ૧ વાગ્યા સુધી સત્સંગ કાર્યક્રમ ચાલુ રહ્યો. અમે યાત્રિકોએ થોડો આરામ કર્યો હશે પરંતુ પૂ. મા તો આખી રાત જાગતાં જ રહ્યાં. બીજા દિવસે વહેલી સવારે ચાર વાગ્યે અમારી પદયાત્રા શરૂ થઈ. ૧૩ કિલોમિટરની અલૌકિક પદયાત્રા બે કલાકમાં પૂરી થઇ. જયરામવાટીથી વળતી યાત્રા કરતા બપોરના ત્રણ વાગ્યે કલકત્તા પહોચ્યા. ત્યારે યાત્રિકો થાકીને લોથપોથ થઈ ગયા હતા. જ્યારે પૂ. મા એવી જ સ્ફૂર્તિથી થનગનતાં હતાં. ચાલુ ઉપવાસે પૂ.મા કેટલો શારીરિક તેમ જ માનસિક પરિશ્રમ કરી રહ્યાં છે તેનો ઉલ્લેખ અસ્થાને નહીં ગણાય.

કામારપુકુરથી જયરામવાટી સુધી સાડા છ કિલોમીટરની પદયાત્રા અમારા માટે સંકીર્તન સમાધિ બની ગઇ. ભગવાન રામકૃષ્ણદેવના ચરણકમળોમાંથી પ્રાદુર્ભાવ પામી અંતે મા શારદાના શ્રીચરણકમળોમાં પ્રભુપ્રેમની ભરતીથી ઉછળતી



પ્રેમગંગા સમાઈ ત્યાં સુધી પૂ. મા રામરાઘવ રક્ષમામ્, કૃષ્ણકેશવ પાહિમામ્‌નો જયઘોષ કરતા રહ્યાં.

અમારા સૌપર આજે પૂ. માએ દિવ્યકૃપા ઢાળી અનોખુ લીલાદર્શન કરાવ્યું હતું. કિશોરવયના બાલકૃષ્ણ રાક્ષસી તાકાત ધરાવતા કંસને ઘડીના છઠ્ઠા ભાગમાં યમસદન પહોંચાડે કે ધનુષ્યનો ટંકાર થતાં મહાસાગર શ્રીરામના ચરણોમાં આજીજી કરે તેમાં પરમાત્માની कर्तुम अकर्तुम अन्यथा कर्तुम् समर्थः स एव ईश्वरः એ સામર્થ્ય લીલાના દર્શન થાય છે ને ! પૂ. માના શ્રી વિગ્રહમાંથી આવું સામર્થ્ય પ્રગટ થતું નથી લાગતું ? આજના લીલાદર્શનમાં પણ અમને પ્રભુની સર્વ સમર્થતાનો પરિચય થયો. સંતપુરુષોની કૃપા વિના તેમના સ્વરૂપને પામી શકાતું નથી. હે મા, તમે આજે અહૈતુકી કૃપા ન કરી હોત તો અમે અલૌકિક કૃપા કટાક્ષથી વંચિત રહી ગયા હોત ! આપના પતિતપાવન શ્રી ચરણોમાં અમારી પ્રાર્થના છે.

આધાર તમારો છે સકલ
પોકાર સુણો અમારો
દયામય, દિવ્ય કૃપાને ઢાળો

પ્રામાણિકતાપૂર્વક પૈસો કમાવાનો કોઈ ટૂંકો રસ્તો હોતો નથી.

*

દીવાસળી સળગાવી કે તરત જ એક ફૂંકથી એને બૂઝાવી દઈ શકાય, પરંતુ આખા મકાનમાં પ્રસરી ગયેલી આગને બુઝાવવી ભલે અશકય ન હોય, પણ મુશ્કેલ તો છે જ.

## આજીવન સભ્યો

પ. પૂ. ગુરૂદેવશ્રી યોગેશ્વરજીની કૃપાથી અધ્યાત્મના આજીવન સભ્યોની સંખ્યામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહી છે. પ્રભુ કોઇના ને કોઇના દિલમાં વસી એ કામ કરતો-કરાવતો રહે છે. શ્રી ઈશ્વરભાઇ પરમાર્થી હમણાં પરદેશથી આવ્યા. તેઓ ભારતના ૧૭ જેટલા આજીવન સભ્યો પૂ. માશ્રી સર્વેશ્વરીના સંકલ્પ પ્રમાણે લાવ્યા. કેવું કહેવાય ! આના પરિણામે નીચેની યાદીમાં ક્રમાંક ૮૮૨ થી ૮૯૮માં દર્શાવેલ લાયબ્રેરીઓને આજીવન સભ્ય તરીકે નોંધવાનું શક્ય બન્યું. શ્રી ઈશ્વરભાઇને તેમજ જેઓએ આ હેતુ માટે પૈસા આપ્યા છે, તે સહુને અભિનંદન.

| | |
|---|---|
| ૮૭૩. અનંત રામચંદ્ર ધાણેકર-અમદાવાદ | ૨૫૧ |
| ૮૭૪. રમણીકભાઇ પી. વોરા-ભાવનગર | ૨૫૧ |
| ૮૭૫. નાથુભાઇ લલ્લુભાઇ ભક્ત-સીતાપુર | ૨૫૧ |
| ૮૭૬. સુધાબેન સુખાભાઈ ભક્ત-કપુરા | ૨૫૧ |
| ૮૭૭. ઇન્દ્રવદન ગોવિંદલાલ ભાવસાર-અમદાવાદ | ૨૫૧ |
| ૮૭૮. શિશુવિહાર લાયબ્રેરી-ભાવનગર | ૨૫૧ |
| ૮૭૯. પિટિટ લાયબ્રેરી-કોટ, મુંબઈ | ૨૫૧ |
| ૮૮૦. મંજુલા ભોગીલાલ શેઠ-વડોદરા | ૨૫૧ |
| ૮૮૧. લલ્લુભાઈ દયારામભાઇ ભકત-પથરાડિયા | ૨૫૧ |
| ૮૮૨. એમ. જે. સાર્વ. પુસ્તકાલય-ઊમરેઠ | ૨૫૧ |
| ૮૮૩. એમ. એમ. અમીન સાર્વ. પુસ્તકાલય-વસો | ૨૫૧ |
| ૮૮૪. સાર્વ. પુસ્તકાલય-તારાપુર જિ. ખેડા | ૨૫૧ |
| ૮૮૫. સાર્વ. પુસ્તકાલય-સોજીત્રા ,, | ૨૫૧ |
| ૮૮૬. સાર્વ. પુસ્તકાલય-ખંભોળજ ,, | ૨૫૧ |



| | |
|---|---|
| ૮૮૭. સાર્વ. પુસ્તકાલય-રાસ જિ. ખેડા | ૨૫૧ |
| ૮૮૮. દેસાઇ છોટાલાલ અમૃતલાલ લાયબ્રેરી-વિરપુર | ૨૫૧ |
| ૮૮૯. સાર્વ. પુસ્તકાલય-મહુધા | ૨૫૧ |
| ૮૯૦. મિત્રમંડળ પુસ્તકાલય-બાંધણી | ૨૫૧ |
| ૮૯૧. પંડ્યા ફૂલભાઇ પુરૂષોત્તમભાઇ સાર્વ. પુસ્તકાલય-ડભાણ | ૨૫૧ |
| ૮૯૨. સર્વોદય પુસ્તકાલય-બોરીઆવી | ૨૫૧ |
| ૮૯૩. સરસ્વતી સાર્વ. પુસ્તકાલય-વિજયનગર | ૨૫૧ |
| ૮૯૪. સાર્વ. પુસ્તકાલય-લાડોલ | ૨૫૧ |
| ૮૯૫. પંડ્યા એલ. એમ. સાર્વ. પુસ્તકાલય-ઉમતા | ૨૫૧ |
| ૮૯૬. સાર્વ. પુસ્તકાલય-વસઇ | ૨૫૧ |
| ૮૯૭. મહાત્મા ગાંધી સાર્વ. પુસ્તકાલય-માણસા | ૨૫૧ |
| ૮૯૮. સાર્વ. પુસ્તકાલય-ઊંઝા-રામપુરા | ૨૫૧ |

જીવનમાં કેવા સંજોગો ઊભા થાય છે, તમારૂં પ્રારબ્ધ કેવું છે તે પ્રશ્ન મહત્ત્વનો નથી; પણ તમારા જીવનમાં જે કોઇ સંજોગો સામે આવીને ઊભા રહે છે, વિધાતાએ નક્કી કર્યા છે, તેની સામે તમે પોતે કેવા ઊભા રહો છો, તે પ્રશ્ન મહત્ત્વનો છે. સંજોગોની ફરિયાદ કર્યા કરવાથી જીવનમાં નિરાશા અને વિફળતા સિવાય બીજું કશું હાથ નહિ લાગે.

## પ. પૂ. શ્રી યોગેશ્વરજીનાં પુસ્તકો

શ્રી સત્યપથ કલ્યાણ કેન્દ્રના ભાઇઓએ તેમજ બીજા સાધકોએ સહિયારા પ્રયાસથી પૂ. શ્રી યોગેશ્વરજીનાં વિવિધ પ્રકાશન સંસ્થાઓ મારફત પ્રકટ થયેલાં કેટલાક પુસ્તકો એકઠાં કરી, અમદાવાદ ખાતે પૂ. ડોંગરેજીની કથા વખતે રૂા. ૧૬૦૦/-તેમજ વડોદરા ખાતે પૂ. શ્રી મુરારિબાપુની કથા પ્રસંગે રૂા. ૩૨૦૦/-નાં પુસ્તકોનું વેચાણ કર્યું. જે ભાઇ બહેનોએ આ કાર્યમાં સાથ આપ્યો છે તે સહુ અભિનંદનના અધિકારી છે.

વળી જે કોઇ વાંચકોને પ. પૂ. શ્રી યોગેશ્વરજીનાં પુસ્તકો જોઇતાં હોય તેઓએ નીચેના બે ભાઇઓમાંથી કોઇ એકનો સંપર્ક સાધવા વિનંતી છે.

શ્રી અતુલ કોન્ટ્રેકટર,
યોગેશ્વર કૃપા, પુરોહિત ડાઇનીંગ કલબ પાસે,
વલ્લભ વિદ્યાનગર ૩૮૮,૧૨૦

અથવા

શ્રી વિનુભાઇ છગનભાઇ અમીન
વાડી, વાયડી પોળ, વડોદરા-૧૭

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનાં પ્રસિદ્ધ થયેલ પુસ્તકો પણ ઉપરનાં ઠેકાણેથી મળી શકશે.

શ્રી સત્યપથ કલ્યાણ કેન્દ્રને-રોજનો રૂપિયો બચાવી માસિક સહાય મોકલતા સભ્યોએ શ્રી અતુલ કોન્ટ્રેકટરના સરનામાનો ફેરફાર નોંધી લેવા વિનંતી છે.



# રામકથા

યોગેશ્વરજી

[શ્રી યોગેશ્વરજીની સિદ્ધકલમે આલેખાયેલ રામકથા]

કૈકેયીના શબ્દો સાંભળીને લક્ષ્મણનાં દુઃખ તથા રોષનો પાર ના રહ્યો.

કૈકેયીનાં વચન એને વિષથી ભરેલાં, વ્યથા જનક, જ્વાળા જેવાં અને અન્યાયકારક લાગ્યાં.

છતાં પણ એણે જેમ તેમ કરીને શાંતિ રાખી.

રામ એને શાંત રહેવાનો સંકેત કરીને બોલ્યા : 'તમારા માગેલા વરદાનને લીધે જો પિતાજી આટલા બધા ચિંતામાં ડૂબ્યા હોય ને દુઃખી થયા હોય તો તેમણે ચિંતા તથા દુઃખ અનુભવવાનું કારણ નથી. એકવાર વચન આપ્યા પછી તેનું પાલન કરવું એ જ હિતાવહ છે. રઘુકુળને માટે એવી પરંપરા પુરાતન તથા સ્વાભાવિક છે. મારા મનમાં મારા રાજ્યાભિષેકની વાસના બિલકુલ નથી. તમારી ઇચ્છાનુસાર ભરતનો રાજ્યાભિષેક ભલે થાય. તમારી આજ્ઞાપ્રમાણે હું વનમાં જઈશ તો વન પણ મારે માટે મંગલ જ થઇ પડશે. માટે મારા વનવાસના તમારા બીજા વરદાન બાબત પણ તમે નચિંત રહેજો. એ વરદાનમાં કરાયલી માગણી હું માથે ચઢાવું છું.'

કૈકેયી રામના શબ્દો સાંભળીને સંતોષ પામી. એની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એ બોલી : 'તમે ચૌદ વરસ સુધી વનમાં જાવ એવી મારી માગણી છે. તે માગણી પણ તમારે મંજુર રાખવાની જ છે. રાજા તમારા પ્રત્યેના વધારે પડતા મોહને લીધે દુઃખી થાય છે. તેમને તમે કહી દો કે તમે વનમાં જવા તૈયાર



છો માટે શોક કરીને વધારે ગંભીર રૂપ આપવાનો કોઈ જ અર્થ નથી.'

રામે દશરથને સમજાવવા માંડ્યા.

છતાં પણ દશરથ શાંતિનો અનુભવ ના કરી શક્યા. એમનો વિલાપ, વિષાદ તથા અશ્રુપ્રવાહ ચાલુ જ રહ્યો.

વચ્ચે વચ્ચે એ કૈકેયીને ફિટકાર પણ દેતા રહ્યા. પણ કૈકેયી એવી જ અચળ રહી ને બોલી : 'રામ તમારા આદેશની રાહ જુએ છે. તમે વિશેષ વિલંબ કર્યા વિના એમને વહેલી તકે વનમાં જવાનો આદેશ દો. આમ મૂળ વાતને બાજુ પર મૂકીને આક્રંદ કરવાનો ને મને ઠપકો આપવાનો કોઇ અર્થ નથી. એથી કશો જ હેતુ નહિ સરે.' એ સાંભળીને રાજા દશરથની દશા વધારે કરુણ બની ગઈ. એ વધારે જોરથી વિલાપ કરવા માંડ્યા. એ વિલાપને લીધે વાતાવરણ અત્યંત વિષાદ યુક્ત બની ગયું.

સૌના હૃદય રડવા લાગ્યાં. માત્ર કૈકેયીનું કાળજું એવું જ કઠોર રહ્યું. એ કટુસ્વરે કહેવા લાગી : 'તમને આવી રીતે વિલાપ કરવો છાજે છે? તમારા ધર્મનો ધીરજ ને શાંતિપૂર્વક વિચાર તો કરો. તમારા ધર્મનો વિચાર કરશો તો સમજાશે કે તમારો વ્યવહાર અસ્થાને છે. તમે રામને માટેના વધારે પડતા મોહને લીધે એક નાની વાતને ઘણું મોટું રૂપ આપી દીધું છે. વિષાદનો ત્યાગ કરીને હવે કર્તવ્ય પરાયણ બનવા માટે કટિબદ્ધ બનવું જોઇએ.'

કૈકેયીનાં વચન દશરથને જરા પણ ના ગમ્યાં. એ વચન સાંભળીને એ વધારે વ્યથિત બની ગયા ને બોલ્યાઃ—

'અયોધ્યામાં તું એક અનર્થકારક અમંગલ અંગારા જેવી પાકી છે. તારું કાળજું આવું કઠોર તથા કલુષિત હશે અને આવા વેરભાવથી ભરેલું હશે તેની મને ખબર નહિ. તું એકદમ

સંકુચિત, સ્વાર્થી ને ઈર્ષાળુ સ્વભાવની છે. તારા એ અવગુણો અત્યાર સુધી છૂપા હતા તે હવે પ્રસંગ પારખીને બહાર નીકળ્યા. તને જેટલો ધિક્કાર આપું એટલો ઓછો છે. મને વધારે વ્યથા-તો એ વાતની થાય છે કે તારાપર કૌશલ્યા જેવો જ પ્રેમભાવ રાખનારા પવિત્ર ને નિર્દોષ રામને તું કોઇયે જાતના કારણવિના ચૌદ વરસના વનવાસનો દંડ દેવા તૈયાર થઇ છે.'

રામે કહ્યું : 'પિતાજી, તમે વ્યર્થ શોક ના કરશો. માતા કૈકેયીને તમારી દ્વારા અપાયલા વચનના પાલનને માટે હું જરૂર વનમાં જઇશ. વિધાતાએ એવું જ ધાર્યું હશે તો હું એનો શાંતિ સાથે અંગીકાર કરીશ. તમે મારી ચિંતા ના કરતા.'

કૈકેયી બોલી; રામ, રાજાના વિષાદને વિશેષ મહત્ત્વ આપી એને જોઇને બેસી રહેવાને બદલે તમે હવે વનમાં જવાની તૈયારી કરો, ને રઘુકુળની પરંપરાગત ને વચન પ્રિયતાને સાચી કરી બતાવો. એ માટે જ તમને અહીં બોલાવવામાં આવ્યા છે. રાજા પુષ્કળ પ્રેમને લીધે તમને વનમાં જવાનો સ્પષ્ટ આદેશ નહિ આપી શકે, પરંતુ એ આદેશને અપાયલો જ માનો અને એના પાલનની તૈયારી કરો.'

'હું વનગમનની તૈયારી કરવા જ જઇ રહ્યો છું.' એમ કહીને રામ લક્ષ્મણ સાથે ચાલી નીકળ્યા. ત્યારે દશરથનું હૈયું હાથમાં ના રહ્યું.

એ ભારે દર્દ સાથે બોલી ઉઠ્યા : અરેરે આ શું થયું? રામ વનગમનની તૈયારી કરવા ચાલી નીકળ્યા? રામ અતિશય સુકોમળ છે. એ વનના કષ્ટો અને હિંસક પશુઓની વચ્ચે કેવી રીતે રહી શકશે? અરેરે, કૈકેયીએ અભાગિની ક્રૂર કૈકેયીએ આ શું કર્યું?'

(ક્રમશઃ)

## શ્રી જ્યોતિર્મયી વિશ્રામગૃહને સહાય

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનાં પૂ. માતુશ્રી જ્યોતિર્મયી-ની સ્મૃતિમાં બંધાતા વિશ્રામગૃહને પણ પૂ. શ્રી તેમજ પૂ. માશ્રી સર્વેશ્વરીના ભક્તો તરફથી સહાય મોકલાતી રહે છે. તે બદલ સહુને ધન્યવાદ. છેલ્લે મળેલ સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ-

રૂ.
૩૪૭૫ શ્રી મણિબેન રમણભાઇ ભક્ત, અમેરિકા.
૧૨૪૫ શ્રી ગુલાબબેન વસંતભાઈ ભક્ત, પનામા.
૪૮૮ શ્રી જયાબેન પટેલ, અમદાવાદ.
૧૫૧ શ્રી સાધક ભાઈ બહેનો તરફથી
૬૪૧ શ્રી વી. ગાંધી તથા પ્રભાબેન પટેલ તરફથી
૧૦૧ શ્રીમતી પાર્વતીબેન ચંદ્રશંકર જાની, બડોલી.
૧૦૧ શ્રી ઈશ્વરભાઇ સી. છાટબાર, અમદાવાદ, પુત્ર જન્મ નિમિત્તે.

---

## સુધારો

જાન્યુ. ૮૬ના અંકના સદ્‌ભાવભરી ભેટમાં છેલ્લે શ્રી ભૂપેન્દ્રભાઈ સુતરિયાને બદલે શ્રી ભૂપેન્દ્રભાઇ સુરતિયા તેમજ બેન કૃતિકા ને બદલે બેન કૃત્તિકા, વાંચવું.

જાન્યુ, ૮૬ના અંકમાં 'એ વિરલ સંકીર્તન'-યાત્રા'નો પાના ૧૭ ઉપર પ્રસિધ્ધ થયેલ લેખના લેખકનું નામ ભૂલથી છાપવું રહી ગયું છે. તેઓનું નામ છે શ્રીગોરધનભાઇ કલોલા.

ADHYATMA Regd. No. GBV 113

## પદાર્થોની શુદ્ધિ ને માનવતાની વૃદ્ધિ

મારો સ્વભાવ એકાંતપ્રિય છે. તેમજ કુદરતને ખોળે સાદા જીવન ને ઉચ્ચ વિચારનો આનંદ મને ગમે છે. અત્યારે વધારે ભાગે માણસનું જીવન કૃત્રિમ બનતું જાય છે. કુદરતી જીવનમાં માણસને આનંદ આવતો નથી, ગામડાં ભાંગીને શહેરી વસવાટો તૈયાર થતા જાય છે. એને આધુનિક સુધારાની દેખીતી નિશાની માનવામાં આવે છે. પણ આને લીધે બે ગેરફાયદા થયા છે. શુદ્ધ હવા, શુદ્ધ ખાનપાન ને સાદગી તેમજ પરિશ્રમ જીવનમાંથી અદૃશ્ય થયાં છે. ને બીજું માનવનો આત્મા કૃત્રિમતાના આવરણ નીચે વધારે ને વધારે દબાતો જાય છે. જીવનમાંથી શાંતિ, સ્વસ્થતા ને ધીરજ નષ્ટ થતી જાય છે, ને પૈસા માટેની દોડધામ, અસંતોષ, અશાંતિ ને ગડબડ વધે છે. જે સભ્યતાથી માનવીની માનવતા નષ્ટ થવા માંડે, ને તેની અશાંતિ ને અતૃપ્તિ વધતી જાય તે સભ્યતા ગમે તેટલી સંમોહક, દેખીતી સુખદ, છતાં માનવને માટે અભિશાપરૂપ છે.

મારું કહેવું એમ નથી કે શહેરી વસવાટને તોડી નાખવા જોઇએ; હું તો એ જ વસ્તુ ઉપર ભાર મૂકું છું કે ગમે તે વાતાવરણમાં, શહેરમાં કે ગામડામાં, માણસે જીવનોપયોગી પદાર્થોની શુદ્ધિ ને માનવતાની વૃદ્ધિ તરફ સૌથી વધુ ધ્યાન આપવું જોઇએ. એ હેતુને ભૂલવાથી માનવ-સમાજનું પતન નક્કી છે. જીવનને ઉજ્જવળ કરવા તેની સ્મૃતિ જરૂરી છે.

—યોગેશ્વર

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨
પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧